અહંભાવનો ઉકળાટ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૫ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ સુદી ૯. તા૦ ૧-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## સાચો સાધુ.

તા૦ ૨૨-૮-૩૦ ના હિન્દુસ્તાન અને પ્રજામીત્રના અંકમાં સૌ૦ બ્હેન મહાલક્ષ્મી મણીલાલ ત્રીવેદીનો "જૈન ભાઇઓને વીનંતિ" એ નામનો લેખ વાંચી ઘણો હર્ષ થયો છે. એક જૈનેત્તર બ્હેન જૈનત્વનું આવું સુંદર સ્વરૂપ સમજે છે, તે જાણી અતી આનંદ થાય છે. જ્યારે આ જૈનેત્તર બ્હેન જૈન ધર્મનું ઉંડું રહસ્ય સમજી તેનું સન્માન કરે છે, ત્યારે કહેવાતા શાસન પ્રેમીઓ અને તેમના વેશધારી છીછરા અમણો ? જૈન ધર્મના સિધ્ધાંતના વિશાળ રહસ્યને સંકુચીત કરી જગતમાં જે હાંસી કરાવી રહ્યા છે તે જોઇ હૃદયમાં ઘણોજ ખેદ થાય છે.

સરદારશ્રી વલ્લભભાઇના અમદાવાદના ભાષણથી કેટલાક જૈન ભાઇઓના દીલ દુઃખાયા હોય, એવો દેખાવ અમદાવાદ અને ખંભાતમાં થયો છે ? તેનો જાહેર વીરોધ કરવા ઉપરાંત આ બ્હેનના સદરહુ લેખમાં સાચા જૈનોને ગર્ભીત સુચના છે કે— સરદારશ્રીના ભાષણ માટે જે ખોટી ધાંધલ મચાવી શોરબકોર કરી રહ્યા છે, તેવાઓનો જાહેર વીરોધ કરવો જોઇએ ?

શ્રીમતી મહાલક્ષ્મી બ્હેનની આ સુચના વ્યાજબી અને લાગણી ભરેલી છે. તે બ્હેનને જણાવવાની રજા લઉં છું કે જૈનોમાં હાલ કેટલાક અલ્પજ્ઞ, વિપરીત માનસવાળા, છીછરા હૃદયના સંકુચીત વીચારના વેશધારીઓ, પોતે પોતાનેજ મહાજ્ઞાની સમજી, દુનીયાની મહાન વીભુતી મહાત્માશ્રી ગાંધીજી જેવાને પણ તુચ્છ ગણે છે તેવા કેટલાક જૈન સાધુ અને શાસનના અનભીજ્ઞ ટુંક વીચારના કેટલાક તેમના શ્રાવકો કે જે શાસન પ્રેમીઓના સંબોધનથી જૈન જગતમાં વાચાળ થઇ ચુક્યા છે, ને વર્તમાન સમયમાં સારા સંત જનોની સાથે ધર્મના નામે વિરોધ કરવો એજ જેઓનો રાત દિવસનો પ્રયાસ છે—ધર્મ છે. તેવાઓના તરફનો આ ઘોંઘાટ છે કે જેઓની સંખ્યા આમારા જૈનોમાં બહુ જુજ છે. આવા છીછરાઓનો જાહેર વિરોધ કરવાથી मुहर्वेणथ किं घर्मे वार्ताः કર્યા જેવું ગણાય ?

બાકી જૈનોનો મોટો સમુદાય અને વિચારવંત વ્યક્તીઓ, તથા સાચા સાધુઓ તો સરદાર શ્રી વલ્લભભાઇના તે ભાષણને હીતકર માને છે ?

મુંબઇમાં કાનબાઇની વાડીમાં જૈન કોન્ફરન્સની સ્વદેશી પ્રચાર સમીતી તરફથી સરદારે આપેલું ભાષણ જૈનત્વથી ભરપુર હતું અને આદરણીય હતું એમ જૈનોનો મોટો સમુદાય કબુલ કરે છે ? એટલુંજ નહિ પણ જૈનોમાં મહાન ગણાતી જૈન કોન્ફરન્સ જેવી પ્રતિષ્ઠીત સંસ્થા મહાત્મા ગાંધીજી ને તેમના અનુયાયી સરદારશ્રી વીગેરેની રાષ્ટ્ર સ્વતંત્રતાની ધર્મ પ્રવૃતિને સંપૂર્ણ અનુમોદે છે ? જૈન કોન્ફરન્સની સ્વદેશી પ્રચાર સમીતી દેશ સેવાના કાર્યમાં રચનાત્મક કાર્ય કરી રહી છે એ સર્વને વીદીત છે એટલે જૈનોનો મોટો જન-સમુહ સરદારશ્રીના ભાષણના "સાધુઓ આપણામાં ઝઘડો કરાવે તો સાધુ શાના હું જો જૈન ધર્મનો હોઉં તો તેમને એક કોટડીમાં પુરૂં. સાધુમાં તો સાગર જેટલી ઉદારતા હોય."

આ વાક્યોને અયોગ્ય ગણતા નથી.

પણ જે જેવા હોય, તે પોતાને માથે ઓઢી લે. સાચા સાધુ સરદારના ઉપરના શબ્દોમાં પોતાનું અપમાન જોતા નથી પણ જોએ!

धर्मार्थे इच्छाति लोभेन मच्छावित निजाश्रय : ।
तृणाय मन्यते विश्वं हीनोऽपि परकैतव : ॥

આવા સાધુઓ જગતમાં વિડમ્બના રૂપ છે એમ તો શાસ્ત્રકાર પણ કહે છે.

લી૦

શિવલાલ લવજી શાહ.

## શ્રી ભાવનગરના જૈનોની જાહેર મિટિંગ.

અત્રેના શ્રી જૈન યુવક સંઘ તથા શ્રી જૈન યુવક મંડળના આશ્રય નીચે જૈનોની એક જાહેર સભા તા૦ ૨૩-૮-૩૦ ના રોજ રાત્રીના આઠ કલાકે મોટા દેરાસરજી પાસેના ઉપાશ્રયમાં મળી હતી. તે વખતે સંઘવી નાનચંદ કુંવરજી, શા. ફતેચંદ ઝવેરભાઇ, ગાંધી ચત્રભુજ મોતીલાલ, શા. ભીખાભાઇ હેમચંદ શા. હરજીવન દીપચંદ, શા. દામોદર ગોવીંદજી, શા. ઉજમશી માણેકચંદ, ગાંધી વલભદાસ ત્રીભોવનદાસ, જગજીવન ફુલચંદ વીગેરે આશરે બારસો થી પંદરસો ગૃહસ્થ હાજર હતા. શરૂઆતમાં ગાંધી ચત્રભુજ મોતીલાલની દરખાસ્ત અને મહેતા ધનલાલ વેલચંદના ટેકાથી ગાંધી જમનાદાસ અમરચંદે સર્વાનુમતે પ્રમુખસ્થાન લીધું હતું. મિટિંગ મેળવવાનો સરક્યુલર વાંચી સાંભળ્યા બાદ મુનિમહારાજ મણિવિજયજીએ વ્યાખ્યાનમાં શ્રી સંઘ માટે વાપરેલા અપમાનજનક શબ્દો સંબંધી હકીકત અને ચર્ચા કરવા માટે પ્રમુખ તરફથી છુટ આપી હતી પ્રથમ શા. પ્રાગજી ગોરધને જણાવ્યું કે "મુનિમહારાજ મણિવિજયજી બોલ્યા કે હું સંઘને એક ખીંટીએ નમાવી શકું તેમ છું. કુંવરજીભાઇ તમોએ સંઘનું સત્યાનાશ વાળ્યું છે. એટલે તરતજ વ્યાખ્યાન શાળામાં ખળભળાટ થયો." ઉપર મુજબની હકીકતને ભાઇ જીવણ ગોરધને ટેકો આપ્યો હતો. ત્યારબાદ ભાઇશ્રી ભીખાભાઇ હેમચંદે જણાવ્યું કે "મહારાજશ્રીએ એમ ખુલાસો કર્યો છે કે સંઘની બે પાર્ટીમાં એકના હું ખાડ તો કરી શકું છું, મારો બોલવાનો હેતુ એવો હતોજ નહી. સંઘને એવું દુઃખ લાગ્યું હોય તો મીચ્છામી દુક્કડં આપું છું. અને કુંવરજીભાઇએ પણ તેજ પ્રમાણે મીચ્છામી દુક્કડં આપેલ છે" આ હકીકત અને જાહેર કરવાનું મને શેઠ કુંવરજીભાઇએ કીધું છે. તે પ્રમાણે જાહેર કરૂં છું. ત્યારબાદ સંઘવી નાનચંદ કુંવરજીએ જણાવ્યું કે ઉપર મુજબની હકીકત જાણ્યા મુજબ સત્ય છે માટે મારી એવી સુચના છે કે હવે આ મિટિંગને કાંઇ પણ કરવા જેવું નથી. આ સુચનાને ભાઇશ્રી ભીખાભાઇ હેમચંદ તથા શા. નાનચંદ તારાચંદે ટેકો આપ્યા પછી મિટિંગે સર્વાનુમતે તે સુચના સ્વીકારી અને શ્રી આદીશ્વર ભગવાનની જે બોલાવી મિટિંગ વિસર્જન થઇ હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# અહંભાવનો ઉકળાટ.

વ્યક્તિમાં જ્યારે અહંપણાનું મોજું ફરી વળે છે, ત્યારે તે કૃત્યાકૃત્યનું ભાન ભૂલી જાય છે અને પોતે કઈ કક્ષામાં છે, એનું કે આજે કયો સમય છે એનું પણ ભાન રહેતું નથી. કેવળ મગરૂરતાથી તે લવવા મંડી પડે છે અને સમજુ વર્ગમાં હાસ્યપાત્ર બની રહે છે. આવુંજ કંઈક લાલબાગમાં વ્યાખ્યાન કરતાં મુનિ રામવિજયજીના સંબંધમાં ગત પર્યુષણમાં બની ગયું છે. પર્યુષણ પર્વનું આરાધન રાગ, દ્વેષ ઓછાં કરવામાં, કષાયોથી મુક્ત થવામાં સમાયેલું છે. કલ્પસૂત્ર શ્રવણ કરવામાં સંપૂર્ણ શાંતિ ને ઉંચા પ્રમાણમાં સમતાની આવશ્યકતા છે. જૈન ધર્મનું રહસ્યજ 'શ્રમણ-સંઘસ્ય શાંતિર્ભવતુ' માં રહેલું છે. આમ છતાં આ મુનિશ્રીએ કેવું આચરણ કર્યું? અઠ્ઠાઈધરના વ્યાખ્યાન કે પવિત્ર કલ્પસૂત્રના વ્યાખ્યાન પણ સ્વચ્છંદી ટીકાથી બચવા પામ્યા નથી! ગણધરવાદ પ્રસંગનું મોટું વ્યાખ્યાન પણ સાધુને અણછાજતી શબ્દાવલીથી ભરપુર ભરેલું. દેશના મહાન્ નેતા મહાત્માજી પર પણ અજ્ઞાનતાનો આરોપ ઓઢાડતાં આ ઘમંડી પ્રખરજી ચુક્યા નથી. ભાષા સમિતિને વારંવાર યાદ કરનાર મુનિને પ્રશ્ન છે કે તમોએ જેટલો ઉભરો કાઢ્યો તે વેળા મુહપત્તિ જરા પણ મુખપર ધરી હતી ખરી કે? દૈવ પૂરા રૂઠ્યા, મરી જાઓ અને એવા તો કંઈએ શબ્દ પ્રયોગો કરનાર મુનિશ્રી જરા હૃદય ઉપર હાથ મૂકી કહી શકશો કે એવું બોલતા છતાં શું તમારી ભાષા સમિતિ કિંવા વચન ગુપ્તિ જળવાય છે ખરી? આગમના ઇજારદાર બની બેઠેલા તમો છાતી ઠોકી જાહેર કરશો કે પ્રભુશ્રી મહાવીર દેવનો સિદ્ધાંત તમારી વાતને ટેકો આપે છે? પાટપર બેસી આવો બકવાદ કરનાર તમો પહેલાજ સાધુ જીવનમાં આવ્યા છો! કદાચ કોઈ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતાં હોત તો વાત જુદી હતી. બાકી ઉંમરની અવસ્થા, સ્વમતિ અનુસાર જ્ઞાનનો ક્ષયોપશમ તેમાં આટલી હદનો ગર્વ એ સમભાવ દશાની નિશાની તો નથીજ. આવા છીછરા આડંબરથી ભાગ્યેજ કોઈ સમજુ શાસન સેવા કર્યાનું સ્વીકારે. હાથમાં પકડવાના દંડાનો ઉપયોગ મારવામાં કરવાની વાત કરનાર એ વાત કરતી વેળા સદ્ગુપણામાં છે કે બેભાનાવસ્થામાં એ એક કોયડો છે. 'હું માનું એજ સાચું' કહેનાર વ્યક્તિ ભલેને ઉંચા પ્રકારનું જીવન જીવનાર હોય છતાં સ્યાદ્વાદના સિદ્ધાંતથી કેટલે વેગળે જનાર છે એ વિચારવા જેવું છે. ખરૂંકાર તેજ છે કે, જે પોતાના આત્મા જેવું વ્યક્તિત્વ સામામાં સ્વીકારે. જો તમો શાસ્ત્રના બળે આવું કહી રહ્યા હશો તો બીજા સાધુઓને શું આણી જોઈ નરકે જવું હશે તેથી આગળ વિરુદ્ધ પ્રરૂપણા કરતા હશે? અમુક અર્થ કરવામાં દૃષ્ટિભેદ હોઈ શકે. અભ્યાસમાં ન્યૂનાધિકપણું સંભવી શકે. એની વિચારણા મધ્યસ્થ સમજ્ઞ દલીલ પુરઃસર કરવી ઘટે. એને સ્થાને 'હું માનું તેવું ન માનનાર' બધાજ અધર્મી, પાપી કે શાસનદ્રોહી છે એમ કહેનાર કેવળ છીછરા હૃદય સિવાય બીજા શાનું પ્રદર્શન કરે છે? જ્ઞાન જેમ વધુ હોય તેમ વ્યક્તિમાં ગાંભીર્ય વધવું જોઈએ એ સ્થાને બાળ ક્રીડા જેવી વાતો ઉચ્ચારાતી હોય કિંવા હલકા પ્રકારના સંબોધનો દ્વારા અજ્ઞોને રાજી કરાતા હોય એ મુનિપણાને નજ છાજી શકે. પણ જેને હરકોઈ પ્રકારે પોતાની વાત સામા વિરોધ ઉઠાવનારને ગમે તે રીતે ભાંડવાજ છે, અને પોતાનું માનનારને ઉશ્કેરી ઝનુની બનાવી, સ્વમતનો વિજય ફરકાવવાની મહાભારી લાલસા ઉદ્ભવી છે, તેને શાસનનું નામ દેવા છતાં, કે મુખથી પ્રભુનું નામ પોકારતા છતાં, ખરી રીતે શાસન, ધર્મ કે દેવગુરૂ યાને સંઘ ઐક્યની કંઈજ પડી નથી. ખામણાં લેવાને સુઅવસરે કિંવા કર્મ નિર્જરાના પુન્યકાળે કલહના ઉંડા મૂળીઆ રોપનાર ભલેને મધુરગીરામાં, હાસ્યભરી વાણીમાં કે વિવિધ હાવભાવ સાથે ઉપદેશના નામે જે વિષ રેડી રહેલ છે તે ભવિષ્યમાં અન્યને હાનિ પુગાડતાં પૂર્વે જરૂર સ્વાત્માને દહન કરી દેશે. જેને તમારા કાર્ય સાથે નિસ્બત જેવું નથી તેને આવો ગમે તેવો ઉકળાટ કંઈજ અસર કરવાનો નથી. ભલેને બકનાર બરાડા પાડ્યાજ કરે ને કંઠશોષ કર્યાજ કરે.

---

## ક્ષમાપના.

આ પત્રિકામાં આવેલ લખાણથી કોઈ પણ વ્યક્તિનું દિલ દુભાય તેવા પ્રસંગ બનવા સંભવિત છે. વળી લખાણમાં વધુ પડતું લખાવાનો પણ સંભવ છે. એ બદલ આંતરિક ભાવથી ક્ષમાપના માગવામાં આવે છે.

**સરખામણી.**

પાંચમ, જુના ધાર્મિક વરઘોડા જોયા પછી ઉભય વચ્ચેનું અંતર સમજવામાં ભાગ્યેજ કોઈ ગોથું ખાય. એમાંથીજ કહેવાતા શાસનરસિક પક્ષ અને મનાતા સુધારક પક્ષના માનસ વચ્ચે કેટલો ફરક છે તે સહજ સમજાય છે. શાસનરસિકને પોતે માનેલી ચરેડમાંથી જરા પણ પાછળ હઠવું નથી પછી ભલેને દેશની પરિસ્થિતિ જુદી હોય! કે સમજુ વર્ગ વાત ઉચિત ન માનતો હોય! આજે પણ તેને વાજાના ઘોંઘાટ કરવામાં ને વિદેશી પોષાક શરીરપર લાદવામાં શાસન શોભા લાગી રહી છે! આ કંઈ ઓછું અફસોસજનક નથી. ચાલુ વાતાવરણથી જ્યારે પરદેશી કોમોના હૃદય પલટાયાં છે ત્યારે આ ભાઈઓની બુદ્ધિમત્તા વિષે શું કહેવું? પાંચમનો વરઘોડો ઉક્ત ઉભય બાબતમાં ભિન્ન પ્રકારનો હોઈ અનુકરણીય હતો. ખાદી-સ્વદેશીમાં શોભતું ને મધુર આલાપે ગાન કરતું સાજન નવિન ભાવ જન્માવતું માત્ર એક બેન્ડ હોવાથી અગર તો અકારણ તે ન બજાવ્યાથી શોભામાં જરા પણ ક્ષતિ ન પહોંચી. વિચિત્ર વર્ણી જરીના વરઘોડાથી પાંચમની મહત્તા જરૂર વધારે હતી. જરીના પાટીયા અને સુવર્ણલેખમાં સુંદરતા ધરે પણ આચરણમાં શૂન્ય. જ્યારે પાંચમનું આચરણ પ્રશંસનીય હતું. અલબત રથ હાથે ખેંચવાની પ્રથા ઠીક હોઈ અનુકરણીય છે. બાકી ભભકા, આડંબર ને વાજિંત્રોના ઘોંઘાટ દૂર થયેજ શોભા છે.

# યંગમેન્સ સોસાયટીના જુઠાણા–ને શાસનપ્રેમી બંધુઓના પ્રપંચ.

પર્યુષણના નામે દેશના આવા કટોકટીના સમયે મીષ્ટાન્ન ઉડાવવા દેવસુર સંઘની સભામાં ચર્ચાઓ ચલાવી અને હંસા મહેતાના નામે ભળતે ભળતો ખુલાસો બહાર પાડી જૈન સમાજના મોટા ભાગને ઉંધે રસ્તે દોરવવા યત્ન સેવ્યો. પણ પાપ છુપું ન રહ્યું. કોન્ફરન્સ તરફથી હંસા મહેતાની મુલાકાત લેવાતાં સત્ય તરી આવ્યું. શાસનપ્રેમીનો દાવો કરનારા આ ધર્મી યંગમેનો આખું મુદ્દાનું વાક્યજ ગળી ગયા હતા!!

માંડ જમણ ઉભું કર્યું, તેનો કેવો કરુણ ફેંજ આવ્યો! ચાર હજારની રસોઇ છતાં પુરા પાંચસો પણ જમનાર ન મળે, શીરો ચાર પૈસે વેચાવાની અને રાંધેલી રસોઇની અનુચિત દશા થવાની વાતો બહાર આવી. આનું નામ સ્વામીવાત્સલ્ય? એ ધર્મના ઠેકેદારો જરા આંખ ઉઘાડી દેશકાળ જોશો કે ગાડરીઆ પ્રવાહમાં તણાયા જશો? ઘોઘારી ભાઇઓના ઠરાવથી બીજુ જમણ અટક્યું એટલે કોઇ મીષ્ટાન્ન મોઢી ઘોઘારી ભાઇ લાલબાગમાંથી છણક્યા. પારકે પૈસે વાહવાહ લેવા મહેનત તો ખુબ કરી પણ જમવામાં હું બાવા ને મંગળદાસ જેવુંજ. આવીજ આજે અમાસના જમણમાં સાગર સંઘના નામે રમવામાં આવી પણ ત્રસી બાબુભાઈ મોતીચંદના ખુલાસાથી પોગળ ફુટી ગયું. આ રીતે જીભના લાલચુઓ કેટલા હતા તે જનતા સારી રીતે સમજી ગઈ. સુપન ઉતર્યાં પછીનો લાલબાગનો દેખાવ જોયો હોય તો થાળીઓની હાર માંડેલી નજરે પડે છતાં જમનાર ભાગ્યેજ ડઝન પણ દેખાય! બે ત્રણ સુરતીલાલાઓ તો 'શેઠીઆ પધારો'ની ટેલ નાંખતા હતા જ્યારે એક બે સુધારકોને સરસ્વતી સંભળાવતા હતા. ધન્ય છે આવા રામભક્તોને, કે જેમના વડે પ્રભુજીનું નાવ તરતું રહ્યું છે! સમયનો પ્રભાવ તો અજબ છે. ભલેને સમયધર્મીના નામે થુંક ઉરાડાય છતાં એટલું તો સૌ કોઇને કબુલેજ છુટકો કે કોઇ પણ જાતના હેંડબીલ કે પીકેટીંગ સીવાય જૈન સમાજનો મોટો ભાગ, દેશનું સંકટ સારી રીતે સમજી ચુક્યો હોવાથી જમણના મોહથી અળગ રહ્યા અને જમણ જમ્યા વગર પણ તપકરણી કરી શકાય છે એ પુરવાર કરી દેખાડ્યું. જમણના પીપાસુ બંધુઓને તા. ૨૪-૮-૩૦ ના 'આર્ય પ્રકાશ'નો અગ્રલેખ 'લાડુનો મોહ' વાંચવા વીનંતી છે. તેમાંના કાળા અક્ષરો આ રહ્યાં—"સત્ય ધર્મ જ્યારે હૃદય ચક્ષુને ખોલીને ખરી વસ્તુનું ભાન કરાવે છે ત્યારે વહેમ, ઢોંગ, મલીનતા અને સ્વાર્થના પાયા ઉપર રચાયલા મતપંથો જ્ઞાનચક્ષુને આંધળા બનાવી ચર્મચક્ષુપર પણ પડળ ચડાવી દે છે." એમાં દેવસુર સંઘની સભાપર ખાસ ટીકા કરાયેલી છે.

સારાંષ મુંબઇમાં જુદા જુદા ઉપાશ્રય કે સાથના જમણો તરફ દ્રષ્ટિ દોડાવવામાં આવે તો લાલબાગના ગાડરીયા વર્ગ સીવાય કોને જમવાની આટલી બધી પડી હતી? અને તેમ જમી નાંખવું, અગર એક દીવસમાં વર્તમાન પરીસ્થીતી પ્રત્યે આંખમીચામણા કરી હજારો રૂપીઆ ખરચી નાંખવા અને એવી રીતે રસોઇ વધી પડે ત્યારે દોષ સંબંધી જરા પણ વીચાર ન કરવો એ તે કોના ઘરનું સ્વામી વાત્સલ્ય? પ્રભુ શ્રી વીરનો ઉપદેશ આ પ્રકારના સ્વામી વાત્સલ્યનો હોય ખરો? બાકી પેલા પ્રવરજીનો એમાં ટેકો હોય તો એ વાત જુદી છે.

આજે બાર મહીને ખાદીના વસ્ત્રો પહેરવાનું અને અપવીત્ર એવા રેશમી વસ્ત્રો તથા પરદેશી વસ્ત્રો ત્યાગ કરવાનું કહેવું જોઇતું હતું. હજારો મનુષ્યો પર્વના દીને એ વાત પચાવી શક્યા હોત તો અહીંસા ધર્મની ઓછી પ્રગતી ન ગણાત. પણ જેને ચક્ષુ ઉઘાડવીજ નથી તેને એ ક્યાંથી રૂચે? આવીજ રમત ખંભાતના માનપત્ર સંબંધમાં રમવામાં આવી છે.

મુંબઇ સમાચાર તા૦ ૧૮-૮-૩૦ ના લેખમાં ખંભાતમાં શા. બકુભાઇ મણીલાલને જે માનપત્ર કહેવાતી શાસન રસીક સોસાયટી તરફથી શેઠ કસ્તુરભાઇ અમરચંદે આપેલું, તેમાંનો જે પેરો હર્ષપૂર્વક ઉઠાવી દીધેલો તે નીચે મુજબ છે. એની ભાષા શૈલી ઉપરથી જૈન જનતા આ કહેવાતા ધર્મીઓના હૃદયમાં શું ભર્યું છે તે સારી રીતે જાણી શકશે અને એ છુપાવવા કેવો દંભ સેવાય છે તે ઉઘાડું પડશે.

"જે વખતે ત્રીકાલાબાધીત અનીહીત વીતરાગ પ્રણીત જૈન શાસનના પવીત્ર ત્યાગ માર્ગ ઉપર કેટલાક વેષધારી સાધુઓ જૈન અને સંઘના નામે અધીમુખ કરનારી 'યુવક સંઘ' નામની સંસ્થાઓ અને જૈન કોમના દ્રવ્ય અને આશ્રયથી નીભાવાતી જૈન નામધારી "જૈન શ્વે. કોન્ફરન્સ" વીગેરે સંસ્થાઓને હથીઆરરૂપ બનાવી કહેવાતા જૈન કોમના કુલાંગાર સુધારકો સખ્ત અને નીર્લજ પ્રહારો કરી ત્યાગ માર્ગ અને પવીત્ર સાધુ સંસ્થાને જૈન જૈનેતરની દ્રષ્ટીયે ઉતારી પાડી પોતાના પુનર્લગ્ન દેવદ્રવ્ય ભક્ષણ ઇત્યાદીક હલકટ વીચારો ધર્મ રૂપે મનાવી સમાજમાં સડો દાખલ કરી સમાજમાં કુસંપના બીજ વાવી સમાજને છીન્ન ભીન્ન કરી રહ્યા હતા તેની સામે અપુર્વ સેવા ભાવથી નીર્ભીકતાથી અડગ રીતે શાસન સેવામાં ખડે પગે તૈયાર રહેનાર "યંગમેન્સ જૈન સોસાયટીને" વખતો વખત તન મન અને ધનથી સહાય અને સુરત મુકામે પ્રથમ અધીવેશનનું પ્રમુખપદ સ્વીકારી સદર સોસાયટીના અત્યુત્તમ શુભકાર્યને હજારોની વચ્ચે કુશળતા અને અડગતાથી પાર ઉતારી સંમેલનને સફળ કરી નામધારી "જૈન યુવક સંઘ" તથા ધર્મી વર્ગથી છુટા પડેલી જૈન શ્વે. કોન્ફરન્સના આશ્રય નીચે નાચતા નામધારી જૈનોની પાપમયી કાર્યવાહીઓ ખુલ્લી પાડીને અને તેઓને સખ્ત ફટકો લગાવીને જે જૈન શાસનની અમુલ્ય સેવા બજાવી છે તે બદલ આપને અમે શાસન રસીક સંઘ સહર્ષ વધાવીએ છીએ."

નોટ—માત્ર આપ બડાઇ અને સામા પ્રત્યેની અમાપ ઇર્ષાગ્નિથી દગ્ધ થયેલા આ લખાણપર નોંધ કરવા કરતાં એટલુંજ કહેવું ઠીક થઇ પડશે કે જેમ સ્વમુખે પોતીકા વખાણ કરનાર હાંસીપાત્ર થાય છે તેમ આની પણ કોડીની કીમત છે.

# ખંભાતમાં જામનગરની પુનરાવૃત્તિ.

જો સાગરજીના પગલાં પડે ને કંઇ કલેશ ન સળગે તો તો એક અચરેજ ગણાયને. તેમની ઝનુનભરી ધર્મી-અધર્મી વિષયક વાણીથી વીશા શ્રીમાળી જ્ઞાતિમાં અચાનક ભડકો થયો. સોસાયટી પક્ષના નાયક અને રામ-સાગરના ચુસ્ત ભક્ત શેઠ કસ્તુરભાઇને જ્ઞાતની વાડી પચાવી પાડવાનું મન થયું. વાસદ પ્રકરણથી વીશા શ્રીમાળી જ્ઞાતિમાં પક્ષ જેવું તો હતું જ તેમાં સોસાયટી પક્ષના નેતાની આવી અનુચિત લાલસાથી ઘી હોમાયું. સરકારમાંથી ફેંસલો મળ્યો કે ન્યાતની વાડીનો કબજો ન્યાત પક્ષના આગેવાન શા. નાથાભાઇ અમરચંદ પાસે રહે.

જ્યાં આમ નાળીએર મળ્યું કે એ કહેવાતા ધર્મી પક્ષે મર્યાદા છોડી. ધોળે દિવસે પૈસા વેરી, સાંભળ્યા મુજબ વગર યુનીફોર્મના કેટલાક પોલીસની સહાય લઇ, જ્ઞાતિની વાડીનું તાળું તોડી અંદર પેઠા. એ પણ એક સમય હતો કે સંઘમાં આવાજ મતફેરના કારણે શેઠ પરષોત્તમદાસપર એક ભાઇ તરફથી હુમલો થયેલો છતાં એ મોટા દિલના પુરૂષે પુરાવા છતાં એ વાતને કોરટે ન લઇ જતાં દાબી દીધી હતી જ્યારે

આ પણ સમય આવ્યો કે એજ વંશમાં ઉત્પન્ન થયેલ કાંતિલાલે, જાણે છાપો મારી વાસણ લુંટવા ન જતી હોય એવી તાળું તોડનાર ટુકડીની આગેવાની લીધી; ખાનદાનને ન છાજે એવું તાળું તોડવારૂપ કામ કર્યું. જ્યાં ધાવણમાં દોષ ત્યાં બીજું શું કહેવાપણું હોય!

શેઠની રહેમાં તણાવાના કે પોલીસના ત્રાસથી ગભરાવાના જમાના વહી ગયા. ખબર પડતાં ન્યાત પક્ષના ત્રીસેક આદમીઓ ભેગા થઇ ગયા; અને શાસન રસિક ટોળાના સખત અટકાવ છતાં જ્ઞાતિની વાડીમાં દાખલ થઇ ગયા અને વાસણ ચોરવા જનારાને ફાવવા દીધા નહિં. ઉભય પક્ષ વચ્ચે ધમસાણ મચ્યું. કેટલાકના માથા ફુટયા ને ઇજા થઇ. મારણીઆ થઇ વાડીમાં દાખલ થયેલા ને કંઇ મારથી ગભરાઇ જઇ ભાગે તેવા નહોતાજ માર ખાતાં ને આતનું રક્ષણ કરતા તેઓ અડગ થઇ ઉભાજ રહ્યા. આમ સોસાયટીવાળાની બાજી ઉંધી પડી ને જનતાની દ્રષ્ટિએ તાળું તોડનાર રૂપે આંખે ચડયા. કાયદાની નજરે પણ ગુન્હેગાર બન્યા. વાત વધી પડતાં દરમ્યાન રેટના ભલા માજીસ્ટ્રેટે સમજાવટ કરવાથી ભાદરવા સુદ ૧૫ સુધી વાડીના માલિકીપણાની વાત મોકુફ રખાઇ ને તે ઉપર સરકારી પહેરો બેસાડયો છે. આમ પર્યુષણ શરૂ થતાં પૂર્વે માથા ફોડવાના કાર્યથી એના ગજેરા મંડાયા. એવી પહેલ કરવાનું એ કંઇ પણ પુન્ય! હોય તો તે ધર્મનો દાંડો લઇ ફરનાર સોસાયટીને ચોરે છે વીશા શ્રીમાળી જ્ઞાતિનું છાપેલું બંધારણ સ્પષ્ટ સુચવે છે કે જ્ઞાતિની વાડી એ કંઇ શેઠ કસ્તુરભાઇના એકલાની માલિકીની નથીજ પણ સમગ્ર જ્ઞાતિની છે. વળી આજ કેટલા વર્ષો થયા એનો વહીવટ શા નાથાભાઇ અમરચંદ મંત્રી તરિકે કરે છે વાડીનું રીપેર કામ પણ એ ભાઇના પ્રયત્નથીજ થયેલું છે. ખુદ એ સબંધી હિસાબ આદિના ચોપડાઓ પણ તેમનીજ પાસે છે. પ્રમુખ તરિકે શેઠ નાનજીભાઇ કામ કરવા અશક્ત થવાથી કસ્તુરભાઇ શેઠને એ કામ ન્યાતે સોંપેલું. તેથીજ હકચોકસીમાં તેમનું નામ લખાયેલું. ધર્મનો સ્વાંગ ધરનારા આ મહાપુરૂષ! કયા આધારે આજે વાડી પોતાની કહેવા તૈયાર થયાં હશે? શું ધર્મ વારે ક્યારે કલેશ કરવાથી થતો હશે?

મારી નમ્ર ભાવે સાગરજી મહારાજને વિનંતી છે કે આપ હજુ પણ આપની ઝઘડા કરાવનારી વાણી સુધારો નહિં તો યાદ રાખજો કે પાલીતાણા પ્રકરણ વિગેરે કંઇક ઉપાધી પડશે. શેઠ સાહેબને તો આગ્રહભરી સુચના છે કે માલિક બનતાં પૂર્વે જરા જૈન શાળાનો રીતસર હિસાબ બહાર મૂકે. એક માંડેલા કેસમાં તો હજુ જવાબ દેતાં ગલ્લાં તલ્લાં વાળવા પડે છે ત્યાં આવી જઇફ ઉમ્મરે શા સારૂ નવા લફરા ઉભા કરાય છે. નોંધી રાખજો કે અત્યારના દુનિયામાં પોલ ઢાંકો સમય નહિં ચાલે. બહુ તાણવા જશો તો તુટી જશો. પુન્યશાળી અમરચંદ શેઠની કીર્તિ આપશ્રીના અણુસમજભર્યા કાર્યોથી કલુષિત થશે. સુગ્નેષુ કિં બહુના?

'હીરદ્વીપ.'

# સુરતમાં શાસનપ્રેમી જૈનોનું ધાંધલ !

સુરત, તા૦ ૧૯-૮-૩૦.

અત્રેની જૈન કોમમાં કેટલાક વખતથી બે પક્ષ પડયા છે. એક પક્ષ જે ઘણો નાનો અને ધાંધલીયો ગણાય છે તથા પોતાને શાસનપ્રેમી તરીકે ઓળખાવે છે તે બાળદીક્ષા માટે જાણીતા મુનિશ્રી રામવિજયજીનો પક્ષ છે, જ્યારે બીજા પક્ષમાં ઘણા મોટા ભાગના જૈનો છે અને તે પોતાને સુધારક પક્ષ તરીકે ઓળખાવે છે. આ બન્ને પક્ષો વચ્ચે કેટલાક વખતથી ખટરાગ ચાલુ હતો અને ઉપર જણાવેલા સુધારક પક્ષની અનેક સુધારાની પ્રવૃત્તિઓમાં વિક્ષેપ નાંખવા શાસનપ્રેમી પંથના કેટલાક જૈનો તરફથી પ્રયત્નો થયા હતા.

### સુધારા પક્ષની પ્રવૃત્તિઓ

આ સુધારા પક્ષની વિવિધ પ્રવૃત્તિઓમાં એક જ્ઞાતિજમણ બંધ કરવાની પ્રવૃત્તિ હતી, જે હજુ ચાલુ છે. આ પક્ષે ઠરાવ કર્યો છે કે દેશના આજના સંજોગોમાં જ્યારે આગેવાનો જેલમાં હોય ત્યારે જમણવાર કરવા ઉચિત નથી. તદુપરાંત આ પક્ષે કોઇ પણ જમણવારમાં જવું નહિ એવો ઠરાવ કર્યો અને તે પછી આ સુધારાના પ્રચાર માટે તેમણે જમણવારથી અળગા રહેવાની સમજુતી આપવા માટે એક ડેપ્યુટેશન નિમ્યું હતું. તદુપરાંત એવાં જમણવારોના વિરોધ તરીકે સરઘસો કઢાવવાં તથા પ્રાસંગિક મુદ્રાલેખ વગેરે દ્વારા તેને લગતી પ્રવૃત્તિ ધપાવવી એવો સુધારા પક્ષના યુવકોએ વિચાર પણ કર્યો હતો.

### ગઇ કાલનું સરઘસ

આ હેતુથી કેટલાક યુવકોએ ગઇ કાલે સરઘસ કઢાવવાના હેન્ડબીલો કઢાવ્યાં હતાં અને તેમાં જૈન ભાઇ બહેનોને જમણવારોનો વિરોધ કરવા માટે સરઘસમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. આ સામે વિરોધ પક્ષ તરફથી ભોજનપ્રેમીઓએ પણ હેન્ડબીલો કઢાવ્યાં હતાં અને સરઘસ અટકાવવા પોલીસની મદદ માગવા ગયા હતા, પણ બન્ને પક્ષની હકીકત જાણ્યા પછી પોલીસખાતાને સરઘસ અટકાવવાનું યોગ્ય લાગ્યું નહોતું.

### સરઘસ નીકળ્યું

તે પછી કાલે બપોરે ૧ વાગે મોટું સરઘસ નીકળ્યું. જેમાં પ્રતિષ્ઠિત જૈન સમાજનાં સ્ત્રી પુરૂષો હતાં. સરઘસ શાંતિથી ફરીને ગોપીપરામાં પહોંચતાં પોલિસ ચોકી પાસે સરઘસ ઉપર વિરોધી પક્ષના કેટલાકોએ હલકટ હુમલો કર્યો હતો. મકાનો પરથી પત્થર ફેંકાયા હતા અને સ્ત્રીઓ સમક્ષ પણ બિભત્સ ગાળો દેવામાં આવી હતી. આ બાબતની પોલિસને જાણ થતાં ફોજદાર મી૦ મલેક પાંત્રીસેક લાઠીધારી પોલિસ સાથે ગેટમાંથી આવ્યા હતા. આ સરઘસ શાંત જોઇને તથા વિરૂદ્ધ પક્ષનું નાહક ધાંધલ જોઇને તેમને બળજબરીથી ખસેડવાની ફરજ પડી હતી. આ ધાંધલમાં કેટલાકને ઇજા પણ થઇ હતી ને પત્થરના મારાથી સરઘસવાળા એક બે ભાઇઓને ઇજા થઇ હતી જે પછી પોલિસે કોર્ડન કરી સરઘસ પસાર થવા દીધું હતું. જે પછી સરઘસ વિખરાયું હતું. આમ અહિંસાના પરમ ધર્મના સિધ્ધાંતમાં માનનારા શાસનપ્રેમી જૈન ભાઇઓ આ પ્રકારનું ધાંધલ કરે ને પોતાનાજ ભાઇઓ ઉપર પત્થરા ફેંકે, તથા ગાળાગાળી કરી નીચ હુમલા કરે, એ જૈનોને શોભે ખરૂં?

### હલકટ કાગળો

વિરોધીઓનો આ હલકટ પ્રયત્નોનો એક ઓર નમૂનો નીચેના એક નનામા અને હીચકારા કાગળથી જણાશે. કહે છે કે આવા કાગળો જૈન યુવક સંઘના ઘણા સભ્યો ઉપર આવ્યા છે. ને એક પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થ ઉપર આવેલા નવા એક કાગળનો નમૂનો નીચે પ્રમાણે છે. આ કાગળ તા૦ ૧૮-૮-૩૦ નો છે અને ગોપીપુરા પોસ્ટ ઓફિસમાંથી પોસ્ટ થયો છે.

સુરત તા૦ ૧૮-૮-૩૦.

......ને માલમ થાય કે તમારી માનું ખરેખરૂં દુધ પીધું હોય તો તમો પીકેટીંગ કરવા આવશોજ, ભુલશો નહિ. સરઘસની અંદર નીકળેલા ધર્મદ્રોહીઓ તે દેશને શું કરવાના છે. જો દેશનું તમોને લાગતું હોય તો જરૂર આવ્યા વગર તો રહેશો નહિ. તમો નહિ આવો તો ભાઇ ન્યાયવિજયને તો જરૂર મોકલશોજી તથા તમારી બૈરીને, અમીચંદભાઇને જરૂર મોકલશોજી. જો નહિ આવો તો તમારાં મ્હોડાં કાળાં થઇ જશે.

લી૦, શાસનપ્રેમી.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

પરિવર્તન કાળ.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું.<br>અંક ૩૬ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ સુદી ૧૫.<br>તા૦ ૮-૯-૩૦ | છુટક નકલ:<br>૦II આનો. |


## વર્તમાન સમાચાર.

**જગદ્ગુરૂ હીરવિજયસૂરિની જયંતિ.**

ભાદરવા સુદ ૧૧ ને દિને શ્રી મોહીજી મહારાજના ઉપાશ્રયમાં, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી જગદ્ગુરૂ શ્રી હીરવિજય સૂરિશ્વરજીની જયંતિ ઉજવવામાં આવી હતી. શ્રી. મોતીચંદ ગી. કાપડીઆએ ઉક્ત પ્રસંગે બોલતાં એ કાળે ગાંધારની સમૃદ્ધિનો સારો ખ્યાલ આપ્યો હતો. બારસો તો કોટ્યાધિપતિઓ ત્યાં હતા. આજે ત્રણસો વર્ષના ગાળામાં પરિસ્થિતિ એટલી તો ફેરવાઇ ગઇ છે કે એ સ્થાને જૈનનું એક ઘર પણ નથી. આ ઓછી દુઃખદાયી બીના નથી. આમાં વાંક આપણો પોતાનોજ છે. એ સંબંધમાં ખાસ વિચાર કરવાની જરૂર છે. એ પછી વર્તમાન કાળે ચાલી રહેલા ક્ષુદ્ર કલેશો પ્રતિ ધ્યાન ખેંચ્યું હતું. આગળ બોલતાં જણાવ્યું હતું કે એવો કોણ અભાગી હોય કે દિક્ષાનો વિરોધ કરે? છતાં અયોગ્ય દિક્ષા તો નજ ચલાવી લેવાય. એ સંબંધમાં સૂરિજીના દીર્ઘદર્શીતા તરફ ખાસ ઇશારો કર્યો હતો. શ્રી. લલ્લુભાઇ કરમચંદે એ મહાત્માની ગંભીરતા, વિદ્વતા ને ચારિત્રનો ખ્યાલ આપી અત્યારે એવી વ્યક્તિના અભાવે શાસનનું નાવ કેવું ડોલાયમાન થઇ રહ્યું છે! શ્રી. પાદરાકરે કહ્યું કે આજે હીરવિજયસૂરિના જેવા વસ્ત્રો ધરનારા ને તેમના ધર્મમાં વર્તનારા સાધુઓ દૃષ્ટિગોચર થાય છે છતાં એમાં એ પ્રભાવિકસૂરિની પ્રભા-તેજ કે બુદ્ધિવૈભવ ક્યાં છે? આજે જે છીછરાપણું ચાલી રહ્યું છે એ જોઇ જૈનેતરો હાંસી કરે છે. શ્રી. મોહનલાલ દી. ચોકસીએ જણાવ્યું કે સૂરિજીના જીવન પરથી અત્યારના સમયે ખાસ અગત્યની બે ત્રણ બાબતો ઉપર હું આપ સર્વનું ધ્યાન ખેંચું છું. ગંધારના જૈનોમાં કેટલાક એવા પણ હતા જે સૂરિજી મુસલમાન બાદશાહને મળવા જાય તે ઠીક નહોતા માનતા. એમને સૂરિશ્વરે 'સંઘ કોણ થાય છે' એવું કહી અવગણી નાંખ્યા નહિં પણ ધિરજથી સમજાવ્યા અને ભાર મૂકી જણાવ્યું કે જો એક બાદશાહ જૈન ધર્મના સિદ્ધાંતો પાળતો થશે તો એની છાપ આખી પ્રજા પર પડશે તેથી અહિંસા ધર્મનો વાવટો સારી આલમમાં ફરકશે. ઉપદેશ આપવો એ તો અમારૂં કાર્ય છે અને અમારા જેવા ત્યાગીને જવા ન જવાના પ્રતિબંધ શા? 'સાંભળવું હોય તો આવે અહીં' કહેનારા કેવા તુંડ મિજાજી છે તે આ વાત ઉપરથી સમજાય છે. વળી જજીયા વેરો દૂર કરાવવામાં સૂરિ મહારાજે જે વલણ લીધી છે તે ખાસ પ્રશંસનીય છે. તે વેળા સમ્યક્ત્વી ને મિથ્યાત્વીના ભેદ પાડવા તેઓ ન બેઠા. આજના શાસનપ્રેમીઓ આ મહાત્માને શું કહેશે? સમ્રાજ્યાધિપતિ તરિકેની ફરજનું પાલન કરતાં તેમને શ્રી ધર્મસાગરજીને દાબવા પડેલા. ગચ્છ મતના આંતરિક કલેશો વધે તેવા પુસ્તકની રચના કરતા ધર્મસાગરજીને સૂરિશ્વરે એકવાર તો સંઘ બહાર કરેલા. આ ઉપરથી અંદરના ઝગડા પ્રત્યે તેમનો કેવો અભાવ હતો એ સહજ સમજાય તેમ છે. એવી મધ્યસ્થ વૃત્તિ વિના 'સવિજીવ કરૂં શાસન રસી' ની ભાવના ભર લાવી શકાતી નથી. આજે તો એકજ પિતાના પુત્રો હોય, એકજ ધર્મનું પાલન કરનાર શ્રાવકોને પોતાની હાજી હા ન કરે તેટલા સારૂ 'શાસનદ્રોહી-અધર્મી-નાસ્તિક' આદિ વિશેષણોથી નવાજનાર પ્રખર, શાસનની કેવી પ્રભાવના! કરી રહ્યા છે એ આપણા અનુભવનો વિષય છે. પ્રભાવકના પ્રભાવમાં એ શક્તિ રહેલી છે કે જ્યાં એનાં પગલાં થાય ને વૈર વિરોધ સમી જઇ શાંતિ પ્રસરી જાય. આજે એવા મહાત્માના ગુણગાન કરી એમના ગુણો કંઇક અંશે આપણામાં ઉતરો એવી પ્રાર્થના છે. યતિશ્રી બાલચંદજીએ-ગુરૂ એટલે ભારે અને જે ગંભીરતાદિ ગુણે કરીને ભરપુર છે તેજ મોટા યાને ગુરૂ છે એવી વ્યાખ્યા કરતાં હીંદીમાં સુંદર વિવેચન કર્યું હતું. પશ્ચાત ગણિ શ્રી રત્નમુનિએ ઉપસંહાર કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

**જેલમાંથી છુટેલા કેપ્ટનનો સત્કાર.**

ભાદરવા સુદ ૧૩ શુક્રવારે સવારના શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી શ્રી. મણિલાલ જયમલ કેપ્ટનના માનમાં એક સરઘસ કોંગ્રેસ હાઉસમાંથી કહાડવામાં આવ્યું હતું. વડાલાની મીઠાની ધાડમાં આ ભાઇએ ભાગ લીધો હતો ત્યારથી તેમને ભાયખલા આગળની જેલમાં પુરવામાં આવ્યા હતા. આજે તે છુટવાના હોવાથી જેલના દરવાજા આગળ હિંદ સેવા દળની ટુકડી તેમજ સ્વયંસેવક મંડળના ઓફિસરો માન આપવા હાજર થયાં હતાં. મણિભાઇનો ઉત્સાહ જરા પણ મંદ પડ્યો નહોતો. જેલ બહાર પગ મુકતાંજ વંદેમાતરમ્ ને ગાંધીજીની જયથી તેમણે વાતાવરણ ભરી દીધું. હાજર રહેલાઓએ પુષ્પની માળાઓથી એ ભાઇનો સત્કાર કીધો. આ દૃશ્ય સ્મૃતિપટમાં કોતરાઇ રહે તેવું હતું. મોટરમાં કોંગ્રેસ હાઉસ પહોંચ્યા જુના મિત્રોનો મેળાપ અને વાતાવરણમાં પ્રસરી રહેલ તીવ્ર ચેતન સૌ કોઇને આનંદ અર્પતા હતા. આ વેળા ચોપાટીપર મીઠું બનાવવાની ક્રિયા ચાલી રહી હતી. અલ્પકાળમાં સ્વયંસેવકોની ટુકડી પાછી ફરતાં અહીંથી સરઘસ શરૂ થયું. શરૂઆતમાં મંડળના રાષ્ટ્રિય ધ્વજ સાથે બેન્ડની ટુકડી ચાલતી હતી. પાછળ પ્રભાત ફેરીની હાર હતી. એ પછી સ્વયંસેવક મંડળના સૈનિકો ચારની હારમાં ધુનીઓમાં કૂચ કરતા હતા. હિંદ સેવા દળની ટુકડી પણ સાથેજ હતી. એ પછી મોટરમાં ભાઇ મણિલાલ જયમલ તથા સાથે મંડળના સ્વયંસેવકો તાજેતરમાં વીસાપુરની જેલમાંથી છુટી આવેલા ભાઇ ગુલાબચંદ તથા પરભુલાલ બેઠેલા હતા. અંતમાં

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

# પરિવર્તન કાળ.

સમય પોતાનું કાર્ય કરી રહેલ છે. એની ગતિપર નથી તો કોઇનો અંકુશ કે નથી તો ગાડંની બ્રેક. ભલેને કોઇ સમયવાદીને નામે તેની ઠેકડી કરે. આખરે એવી ઠેકડી કરનારની મુર્ખાઇ ઉઘાડી પડે છે ને સૌ કોઇને તે હાસ્યનું સ્થાન બને છે. એકની એક ઘરેડમાં રહેવાનો કે વસવાનો મનુષ્યનો સ્વભાવજ નથી. નવિનતાની શોધ કરતાં રહેવી એ તેની પ્રકૃતિ છે; એટલે જુદા સાધનોદ્વારા તે નૂતનતા પ્રગટાવે જાય છેજ. આવું જોઇ કોઇ રૂઢી પોષકો મુંઝાઇ જતા હોય કોઇ સાધુ જનો બેસુરો અવાજ કહાડતા હોય તો તેથી મુંઝાવાપણું નથીજ. એ સર્વ કોઇપર કાળની અસર મોડી વહેલી અવશ્ય થાય છેજ.

રાજ કથામાં દોષ જણવા છતાં આજે છાપા વંચાય છે. પત્ર લખવાની મનાઇ છતાં સાધુઓની ટપાલ સૂકાણી નથી. પત્ર પ્રગટ કરી ધર્મ સેવા કરવાનો લ્હાવો માણવાની વાત કરનાર એક મુનિ આવાજ છે. એ સમય ધર્મમાં તણાયા છતાં સમય ધર્મીઓની મજાક કરવામાં આનંદ માને છે. પગ તળે બળતું જોવાનો સ્વભાવજ નથી. સામાને માથે બળતું જોવામાં એમની આંખો સદૈવ ઉઘાડીને કાન હમેશા જાગૃતજ હોય છે. ચાર દિવાલની અંદર, ભક્ત સમુહની મધ્યમાં વિરાજી આ પ્રભુજી કેટલીયે આડી તેડી વાતો હાથમાં આગમના પાના રાખી કરી નાંખે છે. વાણી વિલાસમાં જેમ અંકુશ નથી તેમ ચાબા ચટકામાં પણ ખામી નથી. ઘડીમાં પ્રશ્નકાર બની જાય છે તો બીજી પળે, ગુરૂ તરીકે જાણે કોઇ મહાન વ્યક્તિ તરીકે જવાબ આપવા મંડી પડશે. એ વેળાના આડંબરનો ખ્યાલ નજરે જોયા વગર ભાગ્યેજ આવે. આમ છતાં આ મુનિજી માને છે કે પોતે હજુ પહેલી સદીનાજ માનવી છે. જરા પણ શાસ્ત્ર વિહિત માર્ગથી ખસીને વાત કરતા નથી. એમની વાણી વાક્યે વાક્યે ભાન કરાવે છે કે એઓશ્રી અગર તેમના જેવા બીજા ચાર પાંચ સુવિહિતો જો ન જનમ્યા હોત! અરે ભુલ્યો જો આજે ધરાપર ન વિચરી રહ્યા હોત તો પ્રભુ શ્રી મહાવીર દેવના સિદ્ધાન્તનું વીસમી સદીના બળવાખોરોએ, નાસ્તિકોએ, અધર્મીઓએ ક્યારનુંયે ખૂન કરી નાંખ્યું હોત!! પણ સામે બેઠેલા ધર્મી જીવોના સદ્ભાગ્યે પોતે સામનો કરવા ચોવીસે કલાક તૈયારજ છે એટલે પેલા લોકોનું કંઇ ચાલતું નથી. વાંચક બંધુ આ કેવી મઝાની વાત! શેઠ કહે સાગરનું પાણી મીઠું છે તો હાજી હા! જેવો ઘાટ કેને? આમ હાંકવાનું ચાલુ રાખી, મુખથી જુના ચીલે જવાની વાતો કરનારે આ મુનિજી ચાલુ જમાનાના પ્રત્યેક સાધનોનો લાભ લઇ રહ્યા છે. પોતાની માન્યતા પ્રસરાવી, જનતાને આકર્ષવાનો એક પણ યત્ન અણુસેવ્યો રાખતા નથી. પોતાની વાહવાહ પોકારાય એવા માર્ગો ભક્ત મંડળદ્વારા એમના ચાલુજ હોય છે. આમ છતાં દેખાવ એવો કરશે કે આ બધું માત્ર ધર્મના માટે કરવું પડ્યું. એમાં પણ સમયનો વિજય લાગે છે જાતકાળે કેટલા મુનિઓએ સાહિત્ય સર્જ્યું ને તો બીજાઓએ કાવ્યો ગુંથીને તો વળી કોઇએ ધર્મોપદેશ દઇને અને બાકીનાઓએ તપકરણી કરીને શાસન સેવામાં સ્વફાળો નોંધાવ્યો છે. આ સાધુજી ધર્મી—અધર્મીને જુદા પાડીને. અર્થાત્ એકજ પિતાના સંતાનો વચ્ચે ક્ષુદ્ર કલેશનો પાવક પ્રજ્વલિત કરીને સેવા નોંધાવવાની ઉમેદ રાખે છે. ભાવિ ઇતિહાસકાર એને સેવા કહેશે હૃદયની મલિનતા તરીકે ચિતરશે એ તરફ દ્રષ્ટિ ફેંક્યા વગર એટલું તો જરૂર કહી શકાય કે એવા પ્રયત્નમાંજ જૈન સમાજનું પુનર્વિધાન કેમ ન સર્જાયું હોય! મુગના ખોલણુ [illegible] સિવાય નવા પાયાના ચણતર નજ સંભવી શકે. કાળનું મહાત્મ્ય અવર્ણીય છે એટલે જે થાય તે સારાને સારૂ અણી સંતોષ માનવો રહ્યો.

મંડળના સૈનિકોની બીજી ટુકડી કૂચ કરતી હતી. આમ સરઘસ ગીરગામ બેક રોડ, ભુલેશ્વર, કાલબાદેવી, પ્રીન્સેસ સ્ટ્રીટ, ઝવેરી બજાર થઇ મંડળની ઓફિસ આગળ આવી પહોંચ્યું. મંડળના કેપ્ટનનું સ્વાગત કરવાને જૈન સમાજના આગેવાનો અહીં હાજર હતા. કોન્ફરન્સ ઓફિસમાંથી ખુરસીઓ મંગાવી રસ્તાપર બેઠક કરવામાં આવી હતી. ઓફિસને ખાદીના ત્રિરંગી વાવટાથી શણગારી દીધી હતી. બેન્ડે સલામી આપ્યા બાદ અને સૈનિકો તરફથી વંદન થયા બાદ શ્રી. મોહનલાલ દી. ચોકસીએ મંડળ તરફથી ઉક્ત ત્રણ બંધુઓને અભિનંદન આપ્યું હતું. ત્યાર બાદ શેઠ જીવણચંદ ધરમચંદ, મગનભાઇ મુળચંદ અને રા. પાદરાકરે વિવેચનો કર્યાં હતા. રાષ્ટ્રીયતામાં સેવા ધરનાર માટે લોક લાગણી કેવી આકર્ષક હોય છે તેનો સુંદર ચિતાર ખડો થયેલો જણાઇ આવતો હતો. કેપ્ટન મણિભાઇએ જુસ્સાદાર ભાષણમાં આપેલ માન બદલ નમ્ર ભાવે આભાર માન્યો હતો. ફુલના હાર પહેરાવ્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો. ગાંધીજીની જયપૂર્વક સૌ વિખરાયા હતા.

# શાસનપ્રેમી શું લખે છે?

ભા. સુ. ૧૩ ના વીર શાસન (વૈર શાસન) માં એક ભાઇ ભા. સુ. ૬ ના વરઘોડાનું વર્ણન કરતાં કોઇ પ્રકારના નિશામાં ઉતરી જાય છે કે શું, પણ એ વરઘોડાને અપૂર્વ ચિતરી મારતાં પણ શરમ નથી આવતી. કેટલીયેવાર રામજી ખાસુ કહે છે કે– 'અમે સાધુ, અમે અમારાથી અર્થ–કામની વાત કરાય પણ નહિ, એના ઉપદેશ તો દેવાયજ કયાંથી?' તો આ તેમનું ધર્મી ગણાતું છાપું શુ કુદી મારે છે, તે વિચારણીય છે. દેશમાં આજે અહિંસક સંગ્રામ ચાલી રહ્યો છે, હજારો સત્યાગ્રહીઓ જેલના કષ્ટો વેઠી રહ્યા છે! હજારોએ લાઠીઓના માર સહન કર્યાં છે, એમાં જૈનો પણ છે અને નારી તથા બાળસમુહ પણ છે. વિદેશી વસ્ત્રો પહેરવા એ મહાન્ પાપ ને દેશદ્રોહ મનાયો છે. જ્યાં આવી પરિસ્થીતિ વર્તે છે ત્યાં બારોબાર વિદેશી પોશાકમાં સજ્જ થઇ વરઘોડામાં નીકળવું, પાપમય રેશમી વસ્ત્રો પરીધાન કરી નીકળવું, અને કાન ફાડી નાંખે તેવા ફુટીબંધ બેન્ડોનો કોલાહલ મચાવવો એ શું વરઘોડાની અપૂર્વતા? વર્ણન કરનારે લખ્યું છે કે– 'લોક'અટારી, ઝરૂખે અને છાપરે બેઠું હતું, અરે ઝાડ પર ચઢયું હતું એટલે જાણે ગીરદીનો પાર નહોતો!' આના સરખું બીજું હડહડતું જુઠાણું શું હોય? હવે મુંબઇની જનતાને આવા આડંબરી ને વિદેશીમય વરઘેડ જોવામાં રસ રહ્યોજ નથી. જોવા ઉભેલા કેટલાક તો તે વખતેજ બોલી ઉઠયા કે 'આ તો બધો પરદેશી ને વિલાયતી વસ્ત્રોનો અંબાર જ ભર્યો છે! આ કરતાં તો ગઇ કાલનો (ભા. સુ. ૫) વરઘોડો સારો હતો કે જેમાં સાજન ઉજળી ખાદીમાં સજ્જ થયું હતું. કાન ફોડી નાંખે તેવા બેન્ડની ધમાલ પણ નહોતી.' આજે જનતા, મોટર બેસાડેલા, ને કોટમાં હીરા મોતીના હારો લાદેલા સાજિંલાથી આનંદ પામે તેવું નથી રહ્યું. આજે તો દેશ કાર્યમાં, સમાજ હીતમાં હજારો ખર્ચનારની કદર અંકાય છે. સફેદ દુધ જેવા સ્વદેશી પોશાકમાં સજ્જ થઇ નીરખનારને જેમાં હજારો નહીં પણ લાખોની સંખ્યા હોય છે એવા સરઘસો જોયા છે. તેને મન આવા આડંબરી વરઘોડામાં નવીનતા કે અપૂર્વતા જેવું ભાગ્યેજ કંઇ હતું.

સુરતીભાઇના આલ્પાકાના અંગરખા–કોટ ને બાઇઓની ફેન્સી–સાડીઓ નીરખી પ્રેક્ષકગણના મોટા ભાગને તો હસવાનું મળતું. દેશ પ્રત્યે આ રૂઢીપેંશકોની આવી વલણ માટે કેટલાકને લાગી આવતું તેથી તરત બોલી ઉઠતા કે રામજી મહારાજને જરૂર પરદેશીઓની ચીંતા કરવા સારૂ જરૂર 'સર–નાઇટ' નો ખીતાબ મળવો જોઇએ. આશ્ચર્યની વાત એટલી કે મોક્ષની ને ત્યાગની બડી વાતો કરનાર આ મહાત્માને પોતાની સાથે સારજન્ટ ને વરઘોડામાં પોલીસની ટુકડી પ્રથમથીજ રાખવી પડેલી. સારજન્ટ તો મહારાજની લગોલગ ચાલતો હતો. શું ઉંચકાઇ જવાની બીતી તો નહોતી ને? ત્યાગના ઇજારદારને આવું તે શું બંધન? રથ હાથે ખેંચવાની ભકતી બાદ કરતાં વરઘોડાની નવીનતા દેશકાળને અનુરૂપ નહોતી. રામભક્તો ભલે એમાં અપૂર્વતા નીહાળે પણ મુંબઇની પ્રજાને મન એ મશ્કરીનો વીષય હતો. છતાં આશ્ચર્ય તો એટલુંજ લાગે છે કે આ વેળા ગયા વરસ માફક દેવતા કેમ જોવા નહીં પધાર્યાં હોય? પ્રવરજીના તપની કચાશ તો નહીં હોય?

વીર શાસન કહે છે કે હવેથી મોતીચંદભાઇ કે પરમાણંદના લેખો જૈન ધર્મ પ્રકાશમાં નહીં આવે. જેવું વરઘોડાનું જુઠાણું તેવું આ પણ લાગે છે! તેને ખબર નહીં હોય કે લેખકની કલમમાં જોર હશે, નવીનતા હશે, મોહકતા હશે તો આજે એને સ્થાન આપનાર સંખ્યાબંધ દૈનીક ને અઠવાડીકો તૈયાર જ છે. પ્રકાશના કોઇ લાઇફ મેમ્બરોને અંધકાર ગમતો હશે તો વૈર શાસનની સલાહ માન્ય થશે. જેની લેખીનીમાં તાકાદ નથી તેને પૈસા આપી દૈનીકના કોલમો રોકવા પડે છે આજે એ વાત ગુપ્ત નથી રહી શકી એટલે એમાં રાચવાપણું શું છે?

યંગમેન સોસાયટીના વર્ધ પ્રયોજના હેવાલોએ પ્રીત પ્રકાશ્યું છે. સુરત સંમેલનમાં અખીલ હીંદના પ્રતીનીધીત્વનો દાવો કરનાર આ યંગમેનો પાસે પુરા વીસ સ્થળનું પણ પ્રતીનીધીત્વ નથી. દુધપાકથી વધેલી સંખ્યા આ વેળા ઓસરી ગઇ લાગે છે! કોન્ફરન્સને દફનાવા જતાં બીચારી આ સોસાયટી ખાઇ પોતે ઘોરમાં ન જતી રહે એનો ભય રહે છે! અખીલમાં ખીલ પડ્યું લાગે છે!

---

## પ્રકીર્ણ.

### સુલેહના સંદેશા પડી ભાંગ્યા.

સપ્રુ જયકરની મસલત પડી ભાંગી છે એટલે સ્વદેશ હીલચાલ જરૂર જોર પકડવાની ઇતર પ્રજા સાથે જૈન પ્રજાની કસોટીનો પણ સમય આવી રહ્યો છે જૈનો એમાં પછાત નહીંજ રહે. પરદેશી વસ્ત્રોને તજવવામાં એને મંડી જવું જોઇએ. રાઉન્ડ ટેબલમાં કે કાઉન્સીલમાં સમાજની ભલે કોઇ ખુરશીઓ ગોઠી ન બેસે એ પણ તેને જોતાં રહેવું. જાગ્રત સમાજ જીવી શકે છે. દેશની ચળવળથી પ્રસંગમુખ રહેનાર કોમ સર્વથ હડધૂત થાય છે.

### શ્રી ધર્મસૂરીની જયંતિ.

શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ભા. સુ. ૧૪ શ્રી વિજય ધર્મસૂરિની જયંતિ ઉજવવામાં આવી હતી. આ વેળા સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી ત્રિલોકચંદજી મહારાજ પણ શ્રાવક સમુદાય સાથે પધાર્યાં હતા અને ઠીક વિવેચન કર્યું હતું. આમ સંપ્રદાય વચ્ચે સમભાવની ભાવના પ્રવર્તતી જોઇ સૌ કોઇને આનંદ થયો હતો. ખરતર ગચ્છના શ્રી રત્નમુનિ પણ આવ્યા હતા. પરસ્પર આવો સબંધ ચાલુ રહે તો જૈન સમાજની પ્રગતિ સત્વર થઇ શકે. મતભેદ ભલે હોય પણ મનભેદ ન હોવા ઘટે. સ્વયંસેવક મંડળની આ ગોઠવણ બદલ એને ધન્યવાદ ઘટે છે. ઇતર સંસ્થાઓએ વાડાના વર્તુલો છોડી દઇ આ પ્રથાને વધાવી લેવી ઘટે છે.

---

### : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

# : : નોંધ. : :

**ધર્માંધતાના આપ.**

ધર્મભાવના વૃદ્ધિ પામે એના જેવો ભાગ્યેજ બીજો હર્ષ મનાય, અને એ કાર્યમાં સાધુ સંતોનો ઉપદેશ ઘણું સારૂ કામ કરી શકે. પણ જ્યાં ધર્મભાવનાને નામે સ્વચ્છંદી માન્યતાઓના ઘુંટડા ગળાવાતા હોય અને પવિત્ર પાટ પરથી સંગ્રામ ખેલવાની ઉત્તેજના થતી હોય ત્યાં એ ઉપદેશ એક આપની ગરજ સારે છે. તેથીજ એક અમીરને 'ભાભાના અને ધર્મ-ગુરૂઓથી ચેતતા રહેવાની' સુચના આપવી પડેલી. આવીજ દુઃખજનક સ્થિતિ આજે જૈન સમાજની થઇ પડી છે. આજે કેટલાક ધર્મગુરૂઓ, સ્વજાતને સારાયે આગમનતું સ્વરૂપ જાણી ચુકેલ ન હોય તેવો સ્વાંગ ધારણ કરી પોતે જે કહી રહ્યા છે તેટલુંજ સાચુ છે અને પોતેજ સુવિહિત છે એવો ઢોલ પીટી, એ સામે આંગળી ઉંચી કરનાર પ્રત્યે અણછાજતી ભાષામાં સદૈવ થુંક ઉરાડવાનો ધંધો આદરી બેઠા છે. ધર્મના ઓઠા તળે તેઓ આજે જે દાવાનળ સળગાવી રહ્યા છે તેનું યથાર્થ ભાન આગેવાનો લગી ભણેલા તેમના આજના શ્રોતાઓને નથી હોતું. તેઓ તો અંધશ્રદ્ધામાં એટલા ઉંડા ઉતરી પડેલા છે કે મહારાજ કલ્પસૂત્રના નામે શું લવી રહ્યા છે તેનો જરા માત્ર વિચાર તેમને નથી આવતો. ભાષા સમિતિને વચન ગુપ્તિને વિસારી મેલી કેવળ વધેરૂક બકનારને તેઓ પ્રખર, વક્તા કે એવા મન માન્યા વિશેષણોના પુંછડા વધારી જી મહારાજ, જી મહારાજ કરતાં થાકતાં નથી. આ ધર્મપ્રેમ નથી પણ ધર્માંધતા છે જે એક આપ તુલ્ય છે.

**શાસનપ્રેમ કે હલકટ વૃત્તિ?**

રામ–સાગર ટોળીના જ્યાં કદમ થઇ ગયેલા છે અગર તો જ્યાં આજે અસ્તિત્વ છે ત્યાં પર્યુષણ જેવા પવિત્ર પર્વમાં પણ ધર્મને નામે માથા ફુટવાના પ્રસંગ બન્યા છે. દેશમાં સરકારની લાઠીથી માથા ફુટે છે છતાં પ્રજા એને ગૌરવનો પ્રસંગ માની લઇ વધાવી રહી છે જ્યારે આ એકજ પિતાના પુત્રોને પરસ્પર લઢાવનાર ટોળકીને જૈન જનતાના મોટા ભાગ તરફથી 'ઝઘડાંખોર'નું ઉપનામ મળે છે. આમ હાથ હેઠા પડતા છતાં આ ગુરૂઓ ધમંડથી ભરપુર અવાજે એને ધર્મ-પ્રેમ તરીકે વર્ણવતા શરમાતા નથી! આજે પાટણ જામનગર ખંભાત, સુરત, મુબાઇ અને સાદડી જેવા સ્થાનના વૃત્તાંતો વાંચી; કોરટે ચઢેલા મામલાના વર્ણનો સાંભળી ભાગ્યેજ કોઇ જૈન હશે કે જેનું હૃદય નહિ કંપતુ હોય! વળી આટલાથી ઇતર સમાજમાં જૈનોની ઓછી વગોવણી થઇ હોય તેમ આ મહાપુરૂષો ચાર દિવાલમાં બેસી દેશના મહાન્ નેતા સામે થુંક ઉરાડી, માંહોમાંહે લડાવી મારી, પૈસાના બળે છાપાના કોલમમાં મનગમતું ચિતરાવી જાણે શાસનની મહાન્ પ્રભાવના કરી નાંખી ન હોય તેવા બણગા ફુંકતા જરા પણ લાજતા નથી! લાંબા કાળના કુસંપને દૂર કરી એકતા સંધાવી આપનાર સાધુ સાધુતાનું નુર દાખવે છે કે ઠેર ઠેર કલહાગ્નિ પ્રગટાવનારા બની બેઠેલા આ મહાત્માઓ? કયા સૂત્રના આધારે આ મુનિવરો પર્વ દિવસમાં માત્ર જનુનતા ભરી વાણીનું પાન કરાવી રહ્યા હતા? એમના હૃદયની કાલિમા ક્યાં લગી પહોંચી છે તે તો જુઓ કે એક સ્થળે શ્રી વલ્લભસુરી કૃત સ્તવન બોલતાં મુનિજીનો પિત્તો ઉછળ્યો, સમતા કે સમભાવની આશા પછી ક્યાં રહી?

**યુવક સંઘોને—**

સમાજની ચાલુ પરિસ્થિતિ જોતાં પ્રત્યેક યુવક સંઘોને પુનર્વિધાન આદરી, સંગઠન વધુ દૃઢ બનાવવાની જરૂર છે. અલબત્ત રાષ્ટ્રની હાલની બારીક પળે દરેક નવયુવકનું ધ્યાન એ તરફ હોવુંજ જોઇએ. ખાદી આદિની દરેક પ્રવૃત્તિમાં જૈન સમાજનો ફાળો છે અને રહેવો જોઇએ છતાં એટલું તો દરેક મનમાં નોંધી રાખે કે ભવિષ્યમાં આપણે એક મોટા બળની સામે કમર કસવાની છે. બંગમેનોને શાસનપ્રેમી તરીકે ઓળખાતા વર્ગના કામો જે આજે નજરે ચઢે છે એ ઉપરથી આગળ જતા તે કેવું રૂપ ધરશે એનું અનુમાન કરવું મુશ્કેલ નથી. યુવક સંઘોએ જો જીવવું હશે તો એનો સામનો કરવોજ પડશે. એ વેળા સર્વનું એક લક્ષ્ય હશે તોજ કામ થઇ શકશે. વિધવાવિવાહ દેવદ્રવ્ય કે શ્રી ઋષભ દેવ સબંધની સ્વમાન્યતાઓ, એ કંઇ સમગ્ર યુવક સંઘનું દૃષ્ટિબિન્દુ હતું નહીં, છે નહીં અને થઇ શકે પણ નહીં, વ્યક્તિગત વિચારો ભલે ને કોઇના વિચિત્ર હોય. બાકી લક્ષ્યબિંદુ તો ભિન્ન હોવું ઘટે હવેની લડત અજ્ઞાનતા સામે અણુપણાની થશે. એમાં અંધશ્રદ્ધાની હારને સાચી શ્રદ્ધાની જીત અવશ્યંભાવી છે.

**આફ્રિકાથી પત્ર.**

મુનિશ્રી રામવિજયની હવાઇઓ ઠેઠ, હિંદબહાર યુગન્ડા (કમ્પાલા) માં પહોંચી છે! એક ભાઇ લખે છે કે—

'રામવિજયજી જૈન મુનિપદને માટે લાયક નથી. છતાં જો શ્વેતાંબર જૈન સમાજ હજી પણ તેમને પોતાના હૃદયપટ પર ધારણ કરશે તો તેથી તેમની નહિ પણ સમગ્ર જૈન સમાજની પાયમાલી છે!! અધોગતિ છે!' મહાત્માજી પર અને તેમની રાષ્ટ્રિય હીલચાલ પર મનગમતા ઉભરા કાઢવાના વ્યસનથી આ ભાઇને બહુ લાગી આવ્યું છે, જેથી કાગળ ઉપરના ટાંચણ ઉપરાંત ઘણું લખ્યું છે. અમે તો વાનકી રૂપ આપેલ છે. છતાં જેને ટેવ પડી તે જવાની ખરી? ભાન-પુંછડી વાંકી તે વાંકીજ.

**આપબડાઇ બણગા.**

'મુંબઇ સમાચાર'માં છઠ્ઠના વરઘોડાના વખાણ કરતાં કોઇ પ્રેમીબંધુએ જે મરકો વાપર્યો છે' તે હાસ્ય ઉપજાવે તેવો છે. મોસાળ જમણને મા પીરસનાર જેવો ઘાટ! આઇથી લખે છે કે 'મુનીજીએ એવી તો વિલક્ષણ રીતે આ વેળા પર્યુ-ષણના વ્યાખ્યાન વાંચેલા કે તેથી તપીઆને દિવસો ક્યાં વ્યતીત થયા તે જણાયું પણ નહિ' લાલબાગનાં પુણ્યે ભરાઇ તપ કરનાર ભાઇ વ્યાખ્યાન પર વારી જાય. ખરી એ સત્યે જે અશ્લીલ ને અણછાજતો વાણીપ્રવાહ વહેવડાવવામાં આવેલ છે એ જાણી હરકોઇ સામાન્ય બુદ્ધિનો માનવી પણ સારી રીતે મુનિજીની મહંત્તિ ને આપખડાઇ સમજી ગયેલ છે અને મુનિમાં સાધુતાના પોષાક તળે કેવી મલિનતા ને દ્વેષાગ્નિ ધુંધવાઇ રહી છે તેનો સારો તાગ કાઢી ચુકેલ છે. કલ્પસૂત્રના પવિત્ર વ્યાખ્યાનોમાં અસુયાથી ભારો ઠલવનારાણ અદ્યાપિ સુધી કોઇ સાધુએ કાવ્યનું જાણ્યું નથી. એથી કદાચ એમના વ્યાખ્યાનને પૂર્વે નહીં સાંભળેલા ગણવામાં આવતાં હોય તો ના કહેવાય નહીં તપસ્વી બંધુઓ કદાચ ન ધરાયા હો તો એકાદ ચોમાસુ વધુ રોકી પેટભરીને સાંભળી લેજો. તપથી શુષ્ક થએલા કોઠામાં એવુંજ જ્ઞાન ભરવું ઘટે ને! સત્યાસત્યની પરીક્ષા વગરનું ક્રિયાજડત્વ તે આનુંજ નામ.

**લાડુ ભાન ભુલાવે છે!**

કેટલાક કચ્છી રામભક્તોથી લાડુનો મોહ ન છોડાયો, એટલે આગેવાનોની ના છતાં શ્રા. સુ. ૭ જમણ જમવાના કોડ સેવ્યા, પણ કચ્છી નવકોટીઆ મુંબઇ જેવામાં શુ ગે મોઢે આ કહેવાતા સ્વામીવાત્સલ્યને જમવા દે? પીકેટીંગ ગોઠવ્યું ચાર ખાધો પણ વાતાવરણ એવું તો ફેરવી નાંખ્યું કે માંડ સો દેડસો જમી શક્યા! લોક તો હજારો ટોળે મળ્યું. જમનારાને મોઢાં છુપાવવા પડ્યાં, ફજેતી થઇ તે જુદી!

આ પત્રિકા અંબાલાલ બાર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

નવો ઈતિહાસ રચાય છે. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૩૭ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ વદી ૭. તા૦ ૧૫-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો. |

## જૈનાચાર્ય શ્રી વિજયધર્મસુરિજીનો સંવત્સરી મહોત્સવ.

### સુરતના જૈનોમાં અપુર્વ ઉત્સાહ.

સુરત, તા૦ ૭-૯-૧૯૩૦.

આજ રોજ સ્વ. જગદ્‌વિખ્યાત ધર્માચાર્ય શ્રી વિજયધર્મસુરીજી એ એમ. એ. એસ. બી. એચ. એમ. એસ. આઈ. એચ. એમ. જી. ઓ. એસ. ની જયન્તિ ઉત્સવને લઈને જૈન ઉપાશ્રયથી એક સરઘસ સવારે આઠ વાગે નીકળ્યું હતું.

નવાપુરાનો ઉપાશ્રય અને આજુબાજુના રસ્તા સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. જેમાં પ્રેરણાત્મક સુત્રલેખો ખાસ ધ્યાન ખેંચતા હતા. સરઘસની મોખરે જૈનશાસન જયવંતું વર્તો. એ લેખ હતો. બાલસેવક અને સીટી વોલંટીઅરોનું બેંડ સરઘસની શોભામાં અપુર્વ વૃધ્ધિ કરતું હતું. રાષ્ટ્રિધ્વજ અને ફુલોથી સુંદર શણગારેલી મોટરમાં શ્રી વિજયધર્મસુરીજીનો ફોટો મુકેલ હતો અને તેની પાછળ બહેનો મધુર કંઠે પ્રસંગોચિત ગીત ગાતી ગાતી ચાલતી હતી.

સરઘસમાં જૈન મુનિમહારાજો ઉપરાંત નગરશેઠ બાબુભાઈ સંઘપતિ શેઠ ગુલાબભાઈ, શેઠ દલીચંદ વીરચંદ, શેઠ રતનચંદ રાયચંદ, શેઠ અમરચંદ ફકીરચંદ ઝવેરી, શેઠ રતનચંદ કસ્તુરચંદ ઝવેરી, શેઠ ડાહ્યાભાઈ ધનજીભાઈ, શેઠ છોટાલાલ મીઠાભાઈ મુનશી, શેઠ ફકીરચંદ ખીમચંદ જોગી વિગેરે પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થો ઉપરાંત શ્રી. દયાશંકર શુકલ વગેરે જૈનેતર ગૃહસ્થોની હાજરી તરી આવતી હતી. સરઘસ ઝાંપાબજાર શેરી, હરિપુરા, વડાચૌટા, ગોપીપુરા વગેરે જૈનોના મુખ્ય મુખ્ય લત્તાઓમાં ફર્યું હતું. કેટલેક ઠેકાણે સાકરના પાણીથી કેટલાક ઉત્સાહી ભાઈઓએ સરઘસનો સત્કાર કર્યો હતો. નવાપુરા વોલંટીયરકોર, મહીધરપુરા વોલંટીઅરકોર અને વડાચૌટા વોલંટીઅરકોરે સરઘસમાં સુંદર વ્યવસ્થા સાચવી પોતાનો સેવાભાવ બતાવ્યો હતો. નવાપુરામાં સરઘસ પહોંચતાં ઉપાશ્રયમાં ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં મંગલાચરણ થઈ રહ્યા બાદ રા. દયાશંકર શુકલે, મુનિશ્રી જયવિજયજી તથા મુનિશ્રી માણેકમુનીજી વગેરેએ પ્રસંગોચિત વિવેચન કર્યાં હતાં ત્યારબાદ શ્રી વીર ધર્મ વ્યાયામ મંદિર સ્થાપવાનું જાહેર થતાં એક ફંડ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સારી રકમો ભરાઇ હતી.

આ પ્રસંગને લઈને શહેરના તમામ જૈન મંદીરોમાં આંગી કરાવવામાં આવી હતી. અને ખાસ કરી નવાપુરાના દેરાસરમાં મ્હોટા ઠાઠથી આંગી અને પૂજા પ્રભાવના કરવામાં આવી હતી.

---

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ-પાલીતાણા

### તાકીદની ખબર-એક ઓફર.

ગુરૂકુળના સં. ૧૯૮૫ ના રીપોર્ટના છેલ્લા ટાઇટલ પેજે જે નવા મોટા મકાનનો ફોટો આપેલ છે. તે મકાન અંગે કમીટીની પ્રચ્છા હતી કે રૂ. ૨૧૦૦૦) એકવીશ હજાર આપનારનું નામ તે મકાનને આપવું. આ માટે શ્રીમાનોને હરેક વખતે વિનંતી પણ કરેલ છે.

આ માટે એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂ. ૧૨૫૦૦ બાર હજાર અને પાંચસોની રકમ તે જણાવે તે નામ તે મકાનને આપવાની સરતે અને શયનગૃહની યોગ્ય સગવડ કરવા ધારી છે. તે ઉપરથી આવતા વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા હાલ ૧૩૧ ની છે તે ૧૫૧ સુધીની વધારવા અને ધીમે ધીમે સગવડ મુજબ ૨૦૦ વિદ્યાર્થી કરવાનું ધ્યેય રાખવાની આશાવચન સાથે આપવા ઇચ્છે છે. કમીટીની ઇચ્છા કરતાં રકમ કમી છે પણ વિદ્યાર્થીના પ્રમાણમાં શયનગૃહની અગત્ય હોવાથી જુનું મકાન તાકીદે ઉતારી નવું કરવા જરૂર છે તેથી કમીટીને આ ઓફર સ્વીકારવા જરૂર પડે તે દરમ્યાન આ રકમથી વધુ રકમ આપી તે મકાનને પોતાનું નામ આપવા ઇચ્છતા શ્રીમાને સં. ૧૯૮૬ ના આસો સુદ ૧ સુધીમાં મુંબઈની હેડ ઓફીસે લેખિત ખબર આપવા તસ્દી લેવી. તેવા પત્રના અભાવે કમીટી ઉપર જણાવેલ ઓફરનો સ્વીકાર કરવા યોગ્ય નિર્ણય કરશે.

૧૨-૯-૩૦
પાયધુની-મુંબાઈ

લી૦ સેવકો.
ઓ. સેક્રેટરીઓ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# નવો ઇતિહાસ રચાય છે.

ભારતવર્ષ આજે કોઈ અપૂર્વ કાળમાં નૃત્ય કરી રહ્યું છે. એનો ભૂતકાળ જરૂર પ્રશંસનીય છે. છતાં પણ એનો વર્તમાન એથી કોઇ અનેરા ઉલ્લેખોથી શોભીત થઇ રહ્યો છે. આજે હિંદ બહારના દેશોની નજરે એના પ્રચલીત સત્યાગ્રહ સંગ્રામ પર મીંટ માંડી રહી છે. અમેરિકા જેવા દૂર દેશની સેનેટમાં એના પડઘા પડે છે. ધારાસભાના વિલક્ષણ છતાં વીરતાભર્યાં રણસંગ્રામનું ચિત્ર ત્યાં રજુ થાય છે. ઇંગ્લીશ પત્રોના ખુણામાં પણ હિંદ પરત્વેના સમાચાર જ્યાં શોધ્યા ન જડતા ત્યાં આજે કેટલાયે પત્રોના કોલમો હિ હિંદના હિંદના બનાવોથી અને હિંદ સંબંધી ચર્ચાઓથી ભરાયેલા બહાર આવે છે. આ પરિવર્તન કોને આભારી છે! સૌ કોઇ જાણે છે એટલે કહી દેશે કે સાબરમતીના સંતનું એ કાર્ય છે. વિજયની વરમાળા એ યરવડાના મંદિરમાં વિરાજતી, સુક લકડી દેહ છતાં અમાપ આત્મ શક્તિવાળા મહાત્માને શીરે આરોપવી ઘટે. રાષ્ટ્રના આ સોનેરી સમયમાં—આ આખરી સંગ્રામમાં, અરે આ અહિંસક યુદ્ધમાં, વેપારી શું કે નોકર શું? બેરીસ્ટર શું કે સોલીસીટર શું? ડોક્ટર કે પ્લીડર, શ્રીમાન કે ધીમાન, રાય કે રંક સૌ કોઇ સ્વશક્તિ અનુસાર ફરજ બજાવી 'દેશસેવા' કર્યાનો લ્હાવો માણે છે. અહર્નિશ બની રહેલા બનાવોથી ઇતિહાસના પાના સુવર્ણાક્ષરે લખાઇ રહ્યા છે! ભાવિ સંતાનો માટે એ મહાન્ ગૌરવનો વિષય છે આવા સુઅવસરે એ જૈન સમાજ ત્હારા કેટલાક બહુ ભોટા સંતાનો શો વ્યવસાય આદરી બેઠા છે! તેમનું હાલનું વર્તન દુધમાંથી પોરા કહાડવા જેવું જણાય છે. શ્રી રામસાગર લીંબડીના કેટલાક સાધુ કહી રહ્યા છે કે તેઓ અનગાર એટલે એમને દેશની ચળવળ સાથે કંઈ સબંધજ ન હોય. ઘડીભર આ વાતને માની લઈએ, તો પછી શા સારૂ રામજીબાપુને પર્યુષણમાં એજ ચળવળ પરત્વે બખાળા કહાડવા પડ્યા? એમાં તો કયા પ્રકારનો 'ધર્મ' ડુબી જતો હતો? જેને રસ હોય તે ભલે એમાં ભળે, બાકી એ આખી 'પ્રેમી' મંડળી ધર્મ કરતી રહે એમાં કોને પણ વાંધો હોય! પણ આમ બને તો રામજી બાપુનું અહીં રહ્યાનું પ્રયોજન શું! એમના જેવા મહાન્, મહાન્ જ્ઞાની! (અવધિ જ્ઞાની કે મનઃ પર્યવ જ્ઞાની!) ટીકા કર્યા વગર રહે તો શાસન શોભામાં ખામી આવે એથી અનુકંપાથી તો આપશ્રી સમય નહોતા છતાં પણ ગાંધીજી અને તેમના અનુયાયીઓને અજ્ઞાની તરીકે હાજરી આપતાઓની મંડળી વચ્ચે જાહેર કર્યા. દેશની સેવા બજાવનારી બ્હેનોને ઉદ્દેશી વેશ્યાનું બિરૂદ આપી દીધું અને સફેદ ટોપી કે ખાદીધારીને નજર સામે બેઠેલા જોઇ ન રહેવાયું એટલે એમને જાવસીજી કર-નારા ઠરાવ્યા. આમ અમારા પ્રવર મહારાજે ટંકશાળી છાપ ચાર દિવાલની અંદર લગાવી દીધી. ગણધરવાદનો દિવસ એટલે ઇંદ્રભૂતિ મહારાજ વાદ કરે ને. આ સાહેબ રહી જાય તો એક અજેરૂં જ ગણાયને! આતો વાનકી રૂપ છે. બેળ-સેળનો ખીચડો ને ન કહી જાય એવી ભાષા શૈલી તો કલાક બે ચાલેલી. સમાચાર મુજબ જ્યાં જ્યાં આ લીંબડીના ભાગીદારો હતા ત્યાં પવિત્ર દિવસોમાં આવા પારાયણના ખાસ વ્યાખ્યાનો થયા છે; અને પ્રેમમાં મુગ્ધતાન બનેલા (શાસન-પ્રેમ કે રામસાગર પ્રેમ?) ભક્તોએ નીચી મુંડીએ, ને રંચ માત્ર અક્ષર ખરચ્યા વિના સાંભળ્યા છે એથી શાસનની મોટી સેવા બજાવવા ગણના મુકવામાં પણ મણા નથી રાખી.

કહેવાનું તો એટલુંજ છે કે દેશની વર્તમાન દશા સાથે આપણા સમાજની આ પ્રવૃત્તિ વચ્ચે કેવું વૈષમ્ય છે તે સહૃદયી આત્માઓએ વિચારી લેવાનું છે. આવી પ્રવૃત્તિ વડે જૈન સાહિત્યના પાને જ્વલંત ઇતિહાસ લખાશે કે? અલબત એટલું ખરૂં છે કે આ વર્ષે આપ્યો કોમના પ્રમાણમાં સાગર સામે અલ્પ ખાબોચીયા જેવો છે. સાગર સમી જૈન કોમે દેશને ચરણે અર્પણ કર્યું છે, તે વધુ પ્રમાણમાં ધરવા અમારી પ્રાર્થના છે. 'મહસે વૈરિ અંધો કેમ કરે, રવી શશી રૂપ વિલોપ' એ શ્રી આનંદઘનજીની સુક્તિ અનુસાર ઉપરનું સર્વ ધ્યાન બહાર પ્રભુશ્રી મહાવીરના વચનપર શ્રદ્ધા રાખી આગળ લક્ષ્ય ચુકયા સિવાય દેશ તરફની ફરજને પણ નજ વિસરવી.

# હવે ભાઈ સાંભળો ત્યારે!

મુંબઇ સમાચારમાં એક ધર્મ–સેવક બબડી ઉઠયા છે કે 'શ્રી હીરસુરિની જયંતિ વેળા, શ્રીયુત મોતીચંદ સોલીસીટર દિક્ષા સંબંધી જરા બોલ્યા તે ઉચિત નહોતું'. એ ભાઇ સમજ્યા હોત તો એ વેળાના મોતીચંદભાઇના શબ્દોથી ચોક્કસ સમજાઇ જાત કે જેને દીક્ષાના વિરોધીઓ કહી નીંદવામાં આવે છે તે દિક્ષાના વિરોધીઓ મુદ્દલ નથી પણ અયોગ્ય દીક્ષા સામે એમનો વિરોધ છે. જયંતી ઉજવવાનો એવો અર્થ તો નજ થાય કે અવસરે અવસરે રામ પોકારી જવું. જેની જયંતી ઉજવાય છે એ વ્યક્તિના જીવનને ચાલુ કાળના જીવોના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય, એનો માર્ગ દર્શાવવો એ પણ જયંતિનો હેતુજ છે. બાકી એ સેવક ભાઇને યાદ આપું કે ગણધરવાદને દિને મુની રામવિજયજી જેટલું વિષયથી બહાર જઇ બોલ્યા છે તેટલું તો હજીલગી કોઇના વ્યાખ્યાનમાં સાંભળ્યું નથી જરા તમારી સલાહ તેમને પહોંચાડાય તો ઘણો લાભ થાય. સાન સમજાય તો છોડો ત્યારે?

ખાદીના શુદ્ધ વસ્ત્રો સીવાયના બીજા દરેક પ્રકારના વસ્ત્રો જૈન દ્રષ્ટિએ તો ખાસ દોષીત છે તેથી એને લાજી દશ જીવોની હીંસામાં નીમીત્તભુત થતાં અટકવું ઘટે છે. રેશમ લાખે-ગમે કીડાના નાશ વીના નથી નિપજતું એ ચોક્કસ વાત છે તો પછી શા સારૂ હજુ પણ રેશમી વસ્ત્રોનો વપરાશ ચાલુ રાખી પાપ વધાર્યે જવું? ખાંડ, હાથીદાંત, કચકડો અને ક્રેઝલીવર ઓઇલ આદિ દવાઓ પણ જૈન માન્યતા પ્રમાણે ઘણા દોષોથી ભરેલી છે તો જૈનોના ઘરમાંથી ઉક્ત વસ્તુઓનો શા સારૂં સદાને માટે બહિષ્કાર ન થાય?

ઉપરોક્ત દોષો જાણ્યા છતાં, એનો મોહ ન છુટતો હોય તો ભૂતકાળના દાખલા આપી દલીલો કરનારા પ્રભુના માર્ગથી કેટલા વેગળા જાય છે એ સહજ સમજાય તેવું છે. ખરી વાત તો સમજ્યા ત્યાંથી સ્વીકાર કરવામાં છે. ધર્મ આચરણમાં ઉતારવાથી જળવાય છે. એને જાળવવા સારૂ વાણીનું વિષ ઉતારનાર કે હાથ પગનું બળ વાપરનાર અંધા-રામોજ આગ્રહ ભરે છે. સાચું, સાચો શ્રાવક કે શ્રાવિકા દોષ જાણ્યા પછી હરગીજ નિમીત્ત રૂપ બનીને પણ એ ચાલુ નજ રાખી શકે કે ચલાવી નજ દે. પાળે તેનો ધર્મ છે. વાતો કરવાનું કંઇજ કામ નથી.

# નોંધ અને ચર્ચા.

**સારાભાઇ નેમચંદ હાજી**—આ આપણા આગેવાન જૈન ભાઇએ કોન્ગ્રેસના મેન્ડેન્ટનો ભંગ કરી મુંબઇ ઇલાકાના મધ્ય વિભાગ તરફથી વડી ધારાસભામાં ઉમેદવારી કરી હતી. આપણી કોમને અંગે કે દેશના સામાન્ય હિતને અંગે તે ભાઇએ કદાચ થોડી ઘણી સેવા બજાવી હશે તેની કોઇ ના કહેતું નથી. કોન્ફરન્સ ઓફીસ તરફથી જ્યારે ઓફીસ ઉપર રાષ્ટ્રધ્વજ ચઢાવવાનું નક્કી થયું તે ધ્વજ તેમના હાથે ચઢાવવામાં આવ્યો હતો. તેમના વિચારો જો કોન્ગ્રેસના મેન્ડેન્ટને માન આપવાની વિરૂદ્ધના હતા તો પછી તેમના વધાવનારાઓએ ભલે તે સુચના રજુ કરી હોય પણ તેમણે પ્રમાણિકપણે તે માન લેવાની ના પાડવી જોઇતી હતી. રાષ્ટ્રધ્વજ ચઢાવવાની ક્રિયા કરનાર કોન્ગ્રેસના મેન્ડેન્ટનો ભંગ કરી ધારાસભાની ઉમેદવારી કરશે તેવું કોઇએ કલ્પનામાં ધાર્યું નહિ હોય. વળી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના એ ભાઇ સભ્ય છે ને તે કમીટીએ પણ ધારાસભા બહિષ્કારનો ઠરાવ કર્યો હતો. કમીટીના ઠરાવનો વ્યવહારિક ભંગ કરનાર કમીટીનો સભ્ય રહી શકે કે કેમ? તે પ્રશ્ન પણ વિચારવાનો રહે છે. ભાઇશ્રી હાજીનું આ પગલું આપણી ઘણી પ્રગતિને નુકશાનકારક નીવડશે. યુવાનોએ આગેવાનોની પસંદગીમાં બહુ સંભાળ રાખવાની છે.

**સ્વામી વાત્સલ્ય**—પર્યુષણ પર્વ દરમ્યાન જમણનો સવાલ સ્થળે સ્થળે બહુ ગંભીર મતભેદવાળો થઇ પડ્યો હતો. શાસનપ્રેમી ભાઇઓ એક બાજુથી એમ જણાવતા હતા કે અમે પણ રાષ્ટ્રપ્રેમી છઇયે પણ સ્વામી વાત્સલ્ય તે પર્યુષણ પર્વ દરમ્યાનની ધાર્મિક ને આવશ્યક ક્રિયા છે તે બંધ કરી શકીએ નહિ. પછી ભલે તે ક્રિયા કરતાં સામા પક્ષની સાથે અથડામણમાં તથા ચર્ચામાં ઉતરતા ગમે તેટલા કર્મ બંધનો થાય તેની તેમને પરવા નહોતી. શાંતિથી આ સવાલનો ઉકેલ થવો જોઇએ તેને બદલે શારીરિક અથડામણો પણ કોઇ કોઇ સ્થળે થઇ છે. મૂળ ભુલ એકજ થતી હતી કે સ્વામીવાત્સલ્ય એટલે જમણવાર અથવા તો સ્વામી ભાઇઓની જમણ આપીને ભક્તિ કરવી તેજ. આટલોજ અર્થ સ્વામીવાત્સલ્યનો ઘણા બંધુઓ સમજે છે. જમણવાર સ્વામીવાત્સલ્યમાં આવી જાય છે તેની કોઇ પક્ષ ના પાડતો નથી. પણ અનેક વર્ષ સુધી સ્વામીવાત્સલ્યની બીજી દિશાઓ સામાન્ય જૈન વર્ગ પાસે મૂકવામાં આવતી નહોતી એટલે જમણો રોકવાથી ધર્મનો નષ્ટ થઇ જાય છે એમ માનતા હોવાને લીધે ચોક્કસ વર્ગ જમણો બંધ રહે તેથી પ્રમાણિકપણે વિરૂદ્ધ હતો. તે વર્ગને શાસનપ્રેમી ભાઇઓએ ચાલુ ચળવળની વિરૂદ્ધની પોતાની માન્યતા પાર પડે ને સુધારક વર્ગ સામે સમાજમાં રોષ પેદા થાય તેટલા ખાતર હથીયાર બનાવી દીધો હતો. જો કે ઘણા ગામોમાં રોગના ઉપદ્રવ પ્રસંગે સાર્વજનિક શોક નિમિત્ત સ્વામીવાત્સલ્યોના જમણો બંધ રહ્યાના દાખલા મોજુદ છે તેમ આ પ્રસંગે સમગ્ર દેશ આપત્તિમાં હોય ને આપણે જમણ ન કરીએ ને અન્ય રીતે સ્વામી ભાઇઓની ભક્તિ કરીયે તો ધર્મનો લોપ થતો નથી ને દેશનું માન જળવાય છે એમ બીજા પક્ષની દલીલ હતી. કેટલાક ભાઇઓ વ્યક્તિગત જમણોના દાખલાઓ આપી સામુદાયિક જમણવારો થાય તો શું ખોટું તેમ જણાવતા હતા પણ તે બધા ભાઇઓની દલીલ નિષ્ફળ નીવડી છે. જે સમાચાર જુદા જુદા સ્થળના મળે છે તે ઉપરથી જણાય છે કે ઘણે સ્થળે જમણો બંધ રહ્યા છે. કોમના મોટા ભાગે દેશનું માન જાળવ્યું છે. અમો આ હકીકતમાં કોઇ પક્ષની ફતેહ માનતા નથી પણ જૈન સમાજ ધર્મને જાળવીને પણ દેશ સેવા કરી શકે છે તે આથી પુરવાર થાય છે. કારણ કે જમણો બંધ રહ્યાં તે તે સ્થળે બીજી ઉચિત પ્રકારે સ્વામીભાઇઓની ભક્તિ કરવામાં આવી હતી. પ્રસંગાનુસાર ટુંકામાં જમણ સિવાયના સ્વામીવાત્સલ્યના પ્રકાર જણાવીએ છીએ. (૧) રોગાદિકષ્ટમાં શારિરીક સેવા અગર દવા વગેરેની મદદ. (૨) અન્ય આપત્તિમાંથી મુક્તિ. (૩) અન્ન વસ્ત્રની ગુપ્ત મદદ. (૪) કાયમી આજીવીકાના સાધનોની પ્રાપ્તિ. આમ બીજી અનેક રીતે તે ધર્મને બાધ ન આવે તેવી રીતે સ્વામીભાઇઓની ભક્તિ થઇ શકે છે.

# ભાવનગરના જૈનોની જાહેર સભા.

## જૈન પત્રમાં સાત બંધુઓનો ખુલાસો.

ભાવનગરના જૈનોની તા૦ ૨૩-૮-૩૦ ના રોજ મળેલી જાહેર સભાના અંગે 'સત્ય વસ્તુસ્થિતિ' એ નામે સાત બંધુઓ તરફથી એક ખુલાસો પ્રગટ કરવામાં આવ્યો છે. (૧) હેંડબીલમાં જાહેર કર્યા મુજબ...... ...અપમાનજનક શબ્દો સંબંધમાં સહરેજ બને મંડળોએ દીલગીરીજનક ઠરાવ કરવા માટે મીટીંગ મેળવી હતી. આ હકીકત તદ્દન ખોટી છે હેંડબીલમાં ફક્ત શબ્દો માટે વિચાર કરવા મીટીંગ બોલાવવામાં આવી છે તેમ જણાવેલ છે. દીલગીરીજનક ઠરાવ કરવાની વાત હતી નહિ. મંડળે તેવો ઠરાવનો વિચાર કરી રાખ્યો નહોતો. હકીકત રજુ થાય તે પછી જાહેર સભા મુનસફી મુજબ ઠરાવ કરી શકે તેવી સ્પષ્ટ સ્થિતિ હતી. શા આધારે તે ભાઇઓ જણાવે છે કે દીલગીરીજનક ઠરાવ થવાનો હતો ને તે અટકાવવા અમે ગયા હતા. આશા છે કે તે ભાઇઓ ખુલાસો જરૂર કરશે.

એક મીટીંગમાં કોઇ ઠરાવ થવાનો હોય ને તે ઠરાવના રૂપમાં ફેરફાર કરાવવા માટે હાજરી આપનારે સ્વતંત્ર રીતે હાજર રહ્યા ગણી શકાય કે કેમ તે સમજુ જનો વિચારી લેવાની જરૂર છે. સ્વતંત્ર હાજરી આપનાર મીટીંગમાં વોટ આપી શકે? ઠરાવ કે સુચના મુકી શકે ખરો કે કેમ?

એક બીજી હકીકત—તે ભાઇઓ શા માટે આ મીટીંગમાંની પોતાની હાજરીને સ્વતંત્ર હાજરી તરીકે ગણાવવા માગે છે? શું મુનિ મહારાજશ્રી સંઘ માટે જે તે બોલી શકે તેમ તેઓ માને છે. તેમના બોલવાના ઉચિત અનુચિતપણા માટે જૈનો વિચાર ન કરી શકે? એમ તે બંધુઓ માને છે? ખુલાસો જણાવશે.

વળી તે બંધુઓએ પોતાની સ્વતંત્ર હાજરી માટે મીટીંગમાં ખુલાસો કર્યો ન હતો. તેમજ તે ભાઇઓને સમજાવટ કરવાની જરૂર પડીજ નહોતી. ફક્ત સાત બંધુઓમાંના બે ભાઇઓએ મુનિ મહારાજશ્રીએ કરેલું સ્ટેટમેન્ટ ને તેથી કુંવરજીભાઇને થયેલા સંતોષની હકીકત નિવેદન રૂપે રજુ કરી હતી ને પછી સુચના રજુ કરી હતી કે મીટીંગે આ સંબંધમાં હવે કાંઇ વિશેષ કરવા જેવું રહેતું નથી. તે સુચના પ્રમુખશ્રીએ ટેકો ગણ્યા પછી મીટીંગ પાસે રજુ કરી હતી, મીટીંગે તે પસાર કરી હતી. તે વખતે તે ભાઇએ જણાવવાની જરૂર હતી કે અમો તો મીટીંગમાં સ્વતંત્ર હાજરીવાળા છઇયે. અમારી સુચના ન નોંધો ને બીજા પાસે સુચના રજુ કરાવો. તેમ તેઓએ કર્યું નથી. વળી ભાવનગરના સમગ્ર જૈન ભાઇઓ સહનશીલ છે. એટલે આ બનાવની નોંધ લેઇ શાંતિ જાળવી હતી બાકી તે ભાઇઓ તેમના ખુલાસામાં જણાવે છે કે સમજાવટથી ભાવનગરના શ્રીસંઘની એકયતા જળવાઇ રહે તેવું પરિણામ આવ્યું હતું. જાણે કે આટલો વિચાર કરવામાં સંઘની ઐક્યતા તુટી જવાની હોય. તેમની આ કલ્પનાજ સુચવે છે કે ખુલાસો કરનારમાંના ભાઇઓ સંઘમાં ભંગાણ પાડવા ઇચ્છનાર કોઇકની ધમકીથી દોરવાયા હોય. મુનિમહારાજશ્રીની સરળતાથી તથા જૈનબંધુઓની સમાધાની ભરેલી વૃત્તિથીજ વાત શાંત પડી હતી. વિશેષ તેમના ખુલાસા પછી.

લી૦, જાણકાર.

તા૦ ક૦ ભાઇશ્રી નાનચંદ કુંવરજી તથા ભાઇશ્રી બીખાભાઇ હેમચંદની આ નિવેદનમાં સહી જોઇ મને દુઃખ થયું છે કારણ કે તેઓ મીટીંગના આશયથી પહેલાથી માહીતગાર હતા.

લી૦, જમનાદાસ અમરચંદ ગાંધી,
પ્રમુખ : ભાવનગરના જૈનોની જાહેર સભા.

# સમાજની ભીતરમાં.

---

### અયોગ્ય દિક્ષા સામે વિરોધ સકારણ છે.

યુવક સંઘની દિક્ષા સંબંધની નિયમાવળી અને કોન્ફરન્સના સંમેલનના ઠરાવપર શ્રી રામ-સાગરજી હીમીરેક તરફથી માત્ર લાલ આંખ કરાય છે એટલુંજ નહિં પણ વારે કવારે તેમનો બબડાટ ચાલુજ હોય છે. એ સંબંધમાં તેમના ઉલ્લેખો આવા સાધુને છાજે તેવા નથી હોતા. અયોગ્ય દિક્ષાનો વિરોધ કરનારાને તેઓ દિક્ષા વિરોધીઓ કહી હડહડતું જુઠાણું સેવે છે. પ્રભુની આજ્ઞા માથે ચઢાવનાર છતાં કેવળ તેમના કેટલાક કાર્યો સામે સામનો કરનાર સંઘને તેઓ 'હાડકાનો માળો કહી સ્વછંદતાનું પ્રદર્શન કરાવે છે!' 'શાસનદ્રોહી-અધર્મી નાસ્તિક' આદિ પ્રયોગો એકજ પિતાના સંતાનો માટે જો કોઇવાર વપરાતા હોય તો છેલ્લા ચોવીસો વર્ષના ઇતિહાસમાં કહેવાતા આ શાસન વિહિતોના મુખમાંથીજ! તેઓ ગમે તેમ બબડે છતાં તેમનો સામનો કરનાર વર્ગ સાચા માર્ગપર છે એ આધારનવાર બનતાં બનાવો પરથી પુરવાર થતુંજ જાય છે. મિત્રવિજય, સુમતિવિજયના બનાવો ભૂતકાળની સ્મૃતિ બન્યા છે. આજે સાગરજીનો એવોજ એક બનાવ ટાંકવામાં આવે છે. ગત ઉનાળામાં વડા ચૌટાની એક બાઇ નામે મંગળાને તેના શ્વસુર પક્ષની મરજી વિરૂધ્ધ, કેવળ શાસનપ્રેમીના જોરે કોન્ફરન્સના ઠરાવની હાંસી કરવાના મલિન ઇરાદાથી સાગરજીએ ઉતાવળથી દિક્ષા આપી હતી. ખુદ સાધ્વીજી તરફથી પણ મહારાજશ્રીને થોભવાનું કહેવામાં આવેલું છતાં સંઘની પરવા ન રાખનાર સાગર તે કાંઇ સાધ્વીના વચને થોભે ખરા? સગાંસંબંધીની ગેરહાજરીમાં મંગળા સાધ્વી બની ચુકી. એ વાતના લાંબા પહોળા વર્ણનો શુક્રવારીયામાં ગવાયા, સમાચારમાં છપાયા. ખબર મળે છે કે એ બાઇ દિક્ષા છોડી ભાગી ગઇ છે. પિયર કે સાસરામાં એનો પત્તો નથી! આવું બને છતાં એ દિક્ષાને અયોગ્ય કિંવા ઉતાવળી ન કહેવાય તો શું કહેવાય? સાગરજી બોલશે કે?

### ધર્માદા ખાતાના વહીવટની પોલ.!

દેવદ્રવ્ય માટે રંગબેરંગી દલીલો કરનારા રામ-સાગરજીને ખાસ કહીએ છીએ કે તેઓ જેમને ચુસ્ત સમ્યકત્વી ગણે છે, અરે જેમની સરખામણી શ્રી વીરના શ્રાવકો સાથે કરવા લલચાય છે તેઓ આજે પોતાની હસ્તકના વહીવટમાં કેવી પોલો ચલાવે છે તે વિચારવા જેવી વાત છે. ખંભાતની જૈન શાળામાં લગભગ એંસી હજારનો લોચો છે. એક મહાન આચાર્યશ્રીએ એ સંબંધમાં શેઠ કસ્તુરભાઇનું ધ્યાન ખેંચેલું છતાં શેઠને વાત ન રૂચી એટલે તેઓનાથી તે રિસાયા. આજે પણ પોલભર્યો વહીવટ ચાલુ છે. એ સંસ્થાનું ટ્રસ્ટડીડ તેમજ પાછળના ચોપડાઓના ઉતારા અમારી સામે મુકવામાં આવ્યા છે એ ઉપરથી એટલી વાત તો સહજ પુરવાર થઇ શકે તેમ છે કે ટ્રસ્ટી તરિકે શેઠશ્રીએ ધાર્મિક વહીવટની તપાસમાં જરા પણ ધ્યાન આપ્યું નથી. સમય એવો આવી ચુકયો છે કે સરકારે વચ્ચે પડી આવા ખાતા ચોકખા રહે અને ધાર્મિક દ્રવ્ય સચવાય તેવો પ્રબંધ કરવોજ પડશે. અજાયબીભર્યું તો એ છે કે આવી સ્થિતિ છતાં શેઠજીને એક હજાર ઉપરાંતનું લ્હેણું વસુલ કરવાનું ન સુઝયું પણ બસોની રકમવાળા અને હફતેથી આપવાની હા પાડનાર એક ભાઇપર આજે કેસ માંડી બેઠા છે! દરમીઆન પેલા ભાઇએ તો દેવાળું નોંધાવી પણ દીધું છે! નાદાર થનાર ભાઇ ચુસ્ત શાસનપ્રેમી ગણાય છે! સાગરજી હાલ ખંભાતમાં છે તેમને ખાસ વિજ્ઞપ્તિ છે કે સાચો શાસનપ્રેમ ધરાવતા હો તો જૈન શાળાના વહીવટની ચોખવટ અવશ્ય કરશો. આવા વહીવટો માટે કોન્ફરન્સ ઠરાવ કરે અને ભવિષ્યમાં પગલા ભરે તો એમાં ખોટું શું છે? માત્ર અધર્મી કોન્ફરન્સ બોલી જવાથી કે માનપત્રમાં સ્વછંદતાથી ભાંડી દેવાથી કંઇ શુકરવાર વળનાર નથી. વાળું નહિં કરાય તો હાળું કરવુંજ પડશે. ખરી ધર્મદાઝ ઢાંકપિછોડામાં નથીજ.

### શ્રી શાંતિનાથજીના ટ્રસ્ટીઓની વલણ.

સાંભળવા મુજબ શાંતિનાથજી (બહારકોટ મુંબઇ) ના કોઇ બે ટ્રસ્ટીઓના અંગત વૈમનસ્યથી આજ કેટલા સમય થયા પુરજો ભરેલી રકમ મુદતસર ફરતી નથી. તેમ એનું વ્યાજ પણ રીતસર લેવામાં આવતું નથી. બેંક તરફથી એ સંબંધમાં એક કરતાં વધુવાર સહી કરનારા ટ્રસ્ટીઓનું ધ્યાન ખેંચવામાં આવેલું છે આ વાત સાચીજ હોય તો આપણા માટે ઓછું અફસોસ કરાવનારું આ કાર્ય ન કહેવાય! ધર્માદાના નાણા સંબંધમાં આવી બેકાળજી! આવા બનાવોથી જૈન બેંકની આવશ્યકતા વધુ પુરવાર થતી જાય છે છતાં આગેવાનો કેમ જાગતા નહિં હોય?

### લાલબાગના નવા ટ્રસ્ટીઓ.

ખબર મળ્યા છે કે લાલબાગના વહીવટ માટે પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક થઇ ગઇ છે. એમાં હાલના અમરચંદભાઇ ઉપરાંત અમુભાઇ કાળીદાસ, ભોગીલાલ લહેરચંદ, માણેકલાલ પ્રેમચંદ અને એક બીજા સુરતીભાઇનું નામ સંભળાય છે. આ જોતાં જીવાભાઇ વગેરેના નામો નકરાયા લાગે છે. જાન્યુઆરીથી નવી બોર્ડ વહીવટ સંભાળશે એમ લાગે છે. અભિનંદન આપતા એટલું ધ્યાન ખેંચવું પડે છે કે વહીવટની ચોખવટ તરફ ખાસ લક્ષ્ય અપાશે ને પુનઃ લાલબાગ કોર્ટે ન ચઢે તેવા પગલા તાકીદે લેવાશે.

'ટીકટીક.'

---

## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦

---

આ પત્રિકા અંબાલાલ આર: પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાબા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

**દેશની ચાલુ લડત.** યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૮ મો. | સંવત ૧૯૮૬ ના ભાદ્રપદ વદી ૦)). તા૦ ૨૨-૯-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## વીરતાના ઘુંટડા.

આપણે મહાવીરના સંતાન, એ પરંપરાગત ભલે હોઇએ પણ સામેખાય વિચારતાં આપણામાં શ્રી વીરનું ખમીર નથીજ. એ રાજવીમાં ક્ષત્રિવટ ને સાધુત્વ ઉભય હતા. જરૂર પડયે એમણે કાળા નાગને હાથ વડે દૂર ફેંકી સોબતીઓને નિર્ભય બનાવ્યા. મુષ્ટિ પ્રહારથી રત્નભૂષ્ટ બનેલા દેવને ભાન કરાવ્યો અને સમય પ્રાપ્ત થતાં વિના હાથ ઉગામ્યે-ક્ષમાભાવે અખ્ખાબંધ કષ્ટોની હારમાળા પસાર કરી ઇષ્ટ સિદ્ધિ કરી લીધી. એ મહાન્ તીર્થપતિના જીવન સાથે આપણું આધુનિક જીવન સરખાવતાં ઉભય વચ્ચે આભ પાતાળ સમુ અંતર દ્રષ્ટિગોચર થાય છે. આપણો ભૂતકાળ અવશ્ય ગૌરવશાળી છે છતાં તેનું સ્થાન સાહિત્ય ભંડારમાં છે. વર્તમાન કાળના દિક્ષા જમણ અને આસ્તિક-નાસ્તિકના ઝઘડા જોઇ ભાગ્યેજ કોઇ જૈનેતર આપણને શ્રી વીરના સાચા વંશ વારસ માને! અનેકાંત દર્શનના ઉપાસકો આત્માને અમર માનનારા ને રાગદ્વેષને જીતવાનો દાવો કરનારા-જૈનો-સાધુઓ કે શ્રાવકો-શું આવી રીતે લડી પડતા હશે? એમને કોરટના આશ્રય લેવાના હોય ખરા? જે દર્શન અપેક્ષાનો સ્વિકારી સહી અન્ય દર્શનો સાથે મેળ મેળવી એ સર્વને 'જીનઅંગ' ગણવાના પાઠ પઢાવે, તેના અનુયાયીઓ પરસ્પર અમર્યાદિત થુંક ઉરાડી માથા ફોડવા સુધીના કામો આચરે અને તે પણ જ્યાં આગમોદ્ધારક કે પ્રખર વક્તાઓ બિરાજતાં હોય ત્યાંજ! આ કરતાં બીજું અફસોસજનક શું હોઇ શકે?

વીસમીસદીના વીર સંતાનો, હજુ પણ તમારી પ્રાચીન કીર્તિની ઝાંખી કરવી હોય તો એ કલહના સ્થાનો તરફ દુર્લક્ષ રાખજો, હીંદના આંગણે-એના ગામડામાં ને શહેરમાં જે ખરી વીરતાના દીગ્દર્શન થઇ રહ્યાં છે તે પ્રતી નજર કરો. ઘરમાં લડી નબળા બનવા કરતાં આંખ સામેનો અહીંસક સંગ્રામ નીહાળો, એનો અભ્યાસ કરો એમાંથી સાચી અહીંસાના ને સત્ય સાથે કે નિર્મમત્વના સાચા પાઠ શીખવાના મળશે. આજે પવીત્ર આસનેથી કે સુધર્માસ્વામીની પાટેથી ખોટી સંકુચિતતા ને ખોટી અહંવૃત્તિના કેટલાક સ્થળેથી જે સીંચન થાય છે એ એતાં અમૃતને સ્થાને વીષ ઝરે છે એમ કથન કરવામાં રંચ માત્ર અતિશયોક્તિ નથી. ભલે એથી અંધશ્રદ્ધાળુ જુથો હાજી હા કરે પણ ઉગતી પ્રજા એથી નહીંજ સંતોષાય. ધીમે ધીમે એ પરાંગ્મુખ થઇ રહી છે. એને આજે નવયોધ્ધીમાં શૌર્ય પ્રગટાવે તેવા ખરમીતાભર્યા શબ્દો સાંભળવાના કોડ છે. એ શ્રવણ કરી ભલે એવા જીવન જીવવાના અભીલાષ છે. ભૂતકાળ કે વર્તમાનકાળના ઇતીહાસમાંથી-જ્યાંથી જ્વલંત હીરલો જડશે ત્યાંથી તે અવશ્ય શોધી લેશે. એની દ્રષ્ટીમાં ભેદ-અભેદ વીષમ પડદો નથી આવી પડવાના. તેથીજ આજે કહેવું પડે છે કે, નવયુવાનો અને તમો શૂરવીરતાનો સાચો પાઠ ભણવા તલસી રહ્યા હોય તો તમોને વીસમી સદીના વીમળ-ઉદાયન કે ચેટક-ચાંપા થવાની સાચી સ્પૃહા હોય તો તમારી આંખો સામેનું વાતાવરણ ધ્યાન દઇ અવલોકો. લાઠીઓ ઉંચકાઇ રહી છે, પકડી લેનારા સામે શાંતી આંખ કરી રહ્યા છે અને જેલના વર્ણવી ન શકાય એવા ત્રાસો ખાસ્યા ટોકી રહ્યા છે છતાં ખાખી ખાદીમાં સજ્જ થયેલ સત્યાગ્રહીઓની હારની હાર ખડે પગે તૈયારજ છે કેશરીયા સાડીમાં શણગારાઇ દેશસેવીકાના વૃંદ વીના ભીતીએ વધ્યાજ જાય છે. લાગલાગટ આવ્યાજ છે આઠ કલાકની ચોકી એ તો તેમનો દૈનીક કાર્યક્રમ થઇ પડયો છે. હજારો ગ્રામ્યવાસીઓ પરસેવા ઉતારી સંચીત કરેલ માલમીલ્કત ફેના થતી ઉઘાડા નેત્રે જોઇ રહ્યા છે છતાં એક હુંકારે સરખો ઉચ્ચારતા નથી એ બધાના મૂળમાં અહીંસા-સત્યનો સંદેશો આપનાર સંતનો બોધ રૂંવાડે રૂંવાડે તરવરી રહેલ છે. આપણી ઉગતી પ્રજાને આવો ઉપદેશ મળશે તો તે તેમનું ભાવી ઘડવાને ઉત્તમોત્તમ ભૂમીકારૂપ નીવડશે. એમની રગેરગમાં દેશનાયકોના ભોગને સ્વાર્પણની વાતો ઉતારવાની ખાસ આવશ્યકતા છે. એ ખોરાક તેમનામાં વીરતાના સર્જન જરૂર કરશે. વીરતા વીહુણું જીવન એ સાચુ જીવન નથીજ. શૌર્યના આંક ઉપરથી સમાજના બળની કીંમત અંકાય છે. એ ભુલવું હવે નહી પાલવે.

## ભાવનગરમાં વિજયધર્મસુરિશ્વરજીની જયંતિ.

શ્રી વિજયધર્મ પ્રકાશક સભા તરફથી ભાદરવા સુદ ૧૪ ના રોજ વિજયધર્મસુરિશ્વરજીની જયંતી ઉજવવામાં આવી હતી. શેઠ કુંવરજી આણંદજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. મુખ્ય વક્તાઓએ પોતાના અભ્યાસપૂર્વકના વિચારો રજુ કર્યા હતા. તે પછી અન્ય વક્તાઓના વિવેચન થયા હતા. નીચેના પ્રશ્નો તેમાં સમાવેલા હતા. જૈન સાહિત્ય કઇ દ્રષ્ટિએ પ્રસિદ્ધ થવું જોઇએ. કેળવાયલા વર્ગનો જૈન સમાજમાં શું સ્થાન છે. દેવદ્રવ્ય કરતાં સાધારણ દ્રવ્યની વિશેષ વૃદ્ધિની જરૂર. આ ત્રણે મુદ્દા બહુ અગત્યના છે, અમારી પાસે જયંતિનો સવીસ્તાર રીપોર્ટ નથી એટલે ઉપરના મુદ્દા શબ્દશઃ ખરોખર ન હોય. પણ આ મુદ્દાઓ ઉપર ભાષણો થાય તેટલેથીજ જયંતિ ઉજવનાર મંડળની જયંતિમાં ભાગ લેનારા અન્ય બંધુઓની તથા જયંતિના વિદ્વાન્ પ્રમુખની ફરજ પુરી થતી નથી. જયંતિ ઉજવવા માટે તેમાં ભાગ લેવા માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. પણ ઉપરના મુદ્દાઓ શહેર ભાવનગરની સંસ્થાઓમાં વ્યવહાર રૂપ આપવા માટે વ્યવસ્થિત ને સતત્ પ્રયાસ થવાની જરૂર છે. જૈન સમાજની હાલની પરિસ્થિતિ એવી છે કે એકલી વાતો હવે ચાલે તેમ નથી. પ્રમાણિક કાર્યપ્રણાલીકા નક્કી થવાની જરૂર છે. અમે આશા રાખીએ છીએ કે મંડળના સભ્યો અન્યનો સહકાર મેળવી પુજ્ય ગુરૂદેવના વચનોના વ્યવહારૂ અમલ કરવાનો પ્રોગ્રામ વરસ દરમ્યાન ગોઠવશે ને આવતી જયંતિ વખતે તેનું પરિણામ જાહેર કરશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# દેશની ચાલુ લડત.

આ રાજદ્વારી લડતને પ્રેરણા આપવાનું કાર્ય પ્રજાના કરતાં સરકારને હાથે થાય છે તેવી એક નામાંકિત વ્યાપારીએ ઉચ્ચારેલી વાણીને મુંબઇ સરકારે મુંબઇ કોંગ્રેસ કમિટિની આતમી વૉર કાઉન્સીલની ધરપકડ કરીને સત્ય ઠરાવી છે. કોંગ્રેસની ચળવળ મક્કમપણે ચાલ્યાજ કરે છે પણ સામાન્ય જનસમુદાયને શાંત–મક્કમ અવરોધ કરતાં પ્રેરણાત્મક વિરોધમાં ઘણો રસ પડે છે એટલે બ્હેન રમીબાઇ કામદાર તથા તેમના ગોઠીઆઓની ધરપકડ થવાથી મુંબઇની પ્રજામાં નવો જુસ્સો આવ્યો છે. રમીબ્હેનને પકડાયા તે પ્રસંગે તેમણે આપેલા સંદેશાને મુંબઇની પ્રજા સારી રીતે ઝીલશે ને તેમણે માગ્યા મુજબ ઘર દીઠ એક એક સૈનિક પુરા પાડશે, એટલી આશા રાખીશું. હેલ્લા હેલ્લા કોંગ્રેસે ચલાવેલી બોયકોટની અસર વધારે પ્રમાણમાં થવા લાગવાથી કલકત્તા, મદ્રાસ તથા અન્ય મુખ્ય શહેરોના યુરોપીયન વ્યાપારીઓ કોંગ્રેસને દાબી દેવા માટે સરકારને ભલામણ કરતા હતા. છેલ્લા પખવાડીઆ દરમ્યાન તો લોકોની ચળવળ વધારે પ્રમાણમાં થયા કરતી હતી તેઓ કહેતા હતા કે બોયકોટની ચળવળથી હિન્દી વેપારીઓને તથા કામદારોને પણ નુકશાન પહોંચે છે. આ વાતના જવાબરૂપે જાણે ન હોય અને વ્યાપારી વર્ગ કોંગ્રેસની હીલચાલ માટે સંપૂર્ણપણે સહાનુભૂતિ ધરાવનારો છે, તેટલા ખાતર મુંબઇની વૉર કાઉન્સીલના નવા પ્રમુખ તરીકે બ્હેન રમીબાઇએ પોતાની પછી મુંબઇના એક અગ્રગણ્ય વ્યાપારી રા. રા. વીરચંદ પાનાચંદ શાહની નીમણુંક કરી છે.

ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહને વૉર કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ તરીકે અમો અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ. રા. વીરચંદભાઇ પોતાના ધંધાના કામકાજમાં જરૂર પુરતું ધ્યાન આપવા ઉપરાંત બાકીનો વખત ઘણા વરસો થયાં કોંગ્રેસના તથા જૈન કોમના જાહેર કાર્યોમાં આપતા આવ્યા છે. સામાજીક સેવાને તેમણે ધર્મ માન્યો છે. તેમણે એક સાથે જમણવારો, શ્રી સંઘો વગેરેમાં દ્રવ્યવ્યય કરીને સ્વામિભક્તિ કદાચ ઓછી કરી હશે પણ સમયે સમયે પોતાના દેશબંધુ તથા જૈનબંધુઓ તથા જ્ઞાતિબંધુઓના દરરોજના જીવનવિકાસમાં મદદ કરીને કાયમી સ્વામિવાત્સલ્યો કર્યા છે કે જેની ઘણી વિગતો ગુપ્ત છે. સમાજમાં તેમનું સ્થાન ક્યાં છે તે નીચેની વિગતોથી જાણી શકાશે.

તેઓ આપણી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિના સભ્ય છે. એજ્યુકેશન બોર્ડના સેક્રેટરી છે. પાલીતાણા જૈન બાળાશ્રમના સેક્રેટરી છે ધોલારી વાલા શ્રીમાળી દવાખાનાના સેક્રેટરી છે. મુંબઇ જૈન યુવક સંઘના મેનેજીંગ કમિટિના તેઓ આગેવાન સભ્ય છે. આ ઉપરાંત તેઓ ભાવનગરમાં ભરાયેલી જૈન યુવક પરિષદના સેક્રેટરી હતા. ભાવનગરની જૈન બોર્ડીંગના ઘણા વખત સુધી સુપ્રીન્ટેન્ડન્ટ હતા તેઓ ત્રણ વરસ સુધી બોમ્બે મ્યુનીસીપલ કોરપોરેશનના મેમ્બર હતા. માંડવી જીલ્લા સમિતિના તેઓ ઘણા વરસથી મુખ્ય કાર્યકર્તા હતા. ને ઘણા વરસથી તેના સેક્રેટરી તરીકે કામ કરે છે. લડત શરૂ થઇ ત્યારથી તેઓ પોતાનો ધંધો તેમના તૈયાર થયેલા ભત્રીજાઓને સોંપી બધો વખત માંડવી જીલ્લા સમિતિના સેવામાંજ રોકે છે. મુંબઇ પ્રાંતિક કોંગ્રેસ કમિટિની કાઉન્સીલના તેઓ સભ્ય છે ને વોલંટીયર રીલીફ ફંડ કમિટિના ખજાનચી તરીકે તેઓ કામ કરે છે. આટલું છતાં તેની સાદાઇ અનુપમ છે. હવે બ્હેન રમીબ્હેનના પકડાયા પછી તેઓ વૉર કાઉન્સીલના પ્રમુખ બન્યા છે. મુંબઇ કોંગ્રેસ કમિટીમાં ઘણા જૈનબંધુઓ સભ્ય તરીકે કામ કરે છે. પણ વૉર કાઉન્સીલના પ્રમુખ તરીકે જૈનબંધુ આ વખતે આવે છે તેથી જૈન કોમને અભિમાન લેવાનું છે. જૈન કોમ વ્યાપારી કોમ છે, વ્યાપારીઓએ હાલ સુધી કોંગ્રેસને સહકાર આપ્યો છે. વીરચંદભાઇ પણ વ્યાપારી છે તો વ્યાપારી તરીકે તેમને ઘણું સહાનુભૂતિ આપવી તે આપણી જૈનો તરીકે ફરજ છે. અમે આશા રાખીશું કે રા. વીરચંદભાઇની વૉર કાઉન્સીલના પ્રમુખ તરીકેની કારકીર્દી યશસ્વી નીવડો.

મુંબઇની વૉર કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ:



ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહ, બી. એ.

॥ શ્રી ॥

# ?

'પત્રિકા'ના તંત્રીશ્રી કાન પકડી લખવાની ફરજ પાડે છે. પણ 'શું લખું?' એ પ્રશ્નનો ઉત્તર આપવાની મોકળી ના પાડે છે. એટલે મારે તો મારી ધૂન પ્રમાણે કલમ ચલાવવીજ રહી

* * *

મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે: લખાય છે અને વંચાય છે, બોલાય છે અને સંભળાય છે, તેમાંથી અડધું પણ જીવનમાં પચાવવા પ્રયત્ન થતો હોત તો?

—આ પ્રશ્ન સહજ છે, પરંતુ માત્ર પોતાનોજ કક્કો ખરો કરાવવાનું દ્રષ્ટિબિંદુ હોય; પોતે માની લીધેલા અમુક વિચાર પ્રચારના મલિન આશયથીજ પ્રવચન થતાં હોય; શાસ્ત્રના નામે શબ્દ છળ ખેલવાની ધૃષ્ટતા પણ થતી હોય; તેવા ખાલી મગજના ખખાળાને જીવનમાં પચાવવા પ્રયત્ન થાય તો તો જીવનમાં 'વિકાસ' થવાને બદલે 'વિકાર'નીજ વૃદ્ધિ થાય એ પણ નિઃસંશય છે.

* * *

કો ષટ દર્શન પારંગતો કે ગુરૂ ગૌતમની પવિત્ર પાટનો સીધો વારસો ધરાવવાનો દાવો કરનાર પ્રવરજીઓ અને તેમની પાછળ પાછળ ચાલનાર ગાડર પ્રવાહ બોલવામાં કે લખવામાં કયાં બાકી રાખે છે? છતાંય વર્તમાનપત્રોમાં આવતા હેવાલો અને અંગત અનુભવોથી સાચી હકીકત તો એ રહમજાય છે કે જૈન સમાજ-સંગઠિત થવાને બદલે વધુ ને વધુ છિન્નભિન્ન થતો જાય છે. જૈન સમાજના અમુક ભાગમાં સારી રીતે 'વિકાર'નો રોગ પ્રસરી ચુકયો છે તેનો આ શું સચોટ પુરાવો નથી?

* * *

શાસ્ત્ર એટલે શું તેની બાળાક્ષરી પણ ન જાણનાર, પોતાનેજ જગતનો કાજી માની લેનાર, એકજ માર્ગી વિચાર ધરાવનાર જ્યારે શાસ્ત્ર ઉપર પ્રવચન આપવા બેસે ત્યારે અંતરના જ્વાળામુખીમાંથી ઉકળતા રસ ઉભરાવા સિવાય બીજા શાની આશા રાખી શકાય?

પર્યુષણ પર્વમાં 'કલ્પસૂત્ર'ના વ્યાખ્યાનોને બદલે 'નીંદાપુરાણ'ની કથાઓ અને 'અહંરાજ'નાં ગુણોનું પ્રવચન પણ જૈન પ્રવચનના નામે ચાલી શકે છે એ જૈન પ્રજાએ હવે જાણી લેવું રહે છે. પણ એ પ્રખર વક્તાના શ્રદ્ધાળુ શ્રોતાઓમાંથી કોઇનીય એટલું કહેવાની હીંમત ન ચાલી કે: 'ગુરૂદેવ! પવિત્ર પર્યુષણ પર્વના પ્રથમ દિવસે આપ 'કલ્પસૂત્ર'ની જે પ્રસ્તાવના કરી રહ્યા છો તે 'કલ્પસૂત્ર'માં કયારે ઉમેરવામાં આવી છે?' અંધશ્રદ્ધાની પણ અવધીજ ને? પણ એમ ન હોય તો 'સોયના નાકામાંથી હાથી શી રીતે ગયા હશે?!'

* * *

જૈન પત્રમાં છપાએલી પેલા પુરાણા રથયાત્રા-પ્રકરણની ખબર ઉપરથી સાર નીકળે છે કે—'ગજ'ના ક્ષેત્રમાં આવતી મંદીથી ખુદ સાગરજીએ વ્યાખ્યાન પીઠ છોડી દીધી છે'—પણ એ ખબરપત્રી (જો મારો મિત્ર ભમતો ભૂત હોય તો) બહુ ઉતાવળો બન્યો લાગે છે. તેણે ભણવું રહ્યું કે: આગર એટલેજ ભરતી ઓટ: એ કદીક પ્રલય સમયનું તાંડવ નૃત્ય પણ આદરે અને કદીક શાન્ત—ડાહ્યો—બની મંદ લહરીએ લહેરાય પણ ખરો!

પણ સાથે સાથે એ મારા ખબરપત્રી મિત્રને ભલામણ કરવાનું મન થઇ આવે છે કે શ્રી સાગરજી હમણાં શાન્ત હોય તો આનંદની વાત છે. પણ જ્યારે બહુ ગર્જના કરે—કોપાવેશમાં શું બોલાય છે તેનો ખ્યાલ પણ ન રહે—ત્યારે એકદમ શ્રોતા સમુદાયમાંથી ઉભા થઇ જઇ બે હાથ જોડી બધા સાંભળે તેમ બોલવું—બસ લલકારવું—ગુરૂદેવ!

"કડવા ફળ છે, ક્રોધનાં જ્ઞાની એમ બોલે;
રીસ તણો, રસ જાણીએ ઝેર હળાહળ તોલે."

હું ખાત્રીથી માનું છું કે એ જ્ઞાની જીવ આજનાથીય વધુ શાન્ત બની જશે. અગર ના બને તો મારો દોષ ન ગણતાં, એમણે આગમનાં અમૃત એટલાં ઓછાં પીધાં હશે એમ માની લેવું, બીજું શું?

* * *

'બિલાડીની ગેરહાજરીમાં ઉંદરો દોડાદોડ કરે એ સ્વાભાવિક છે.' આવા અર્થના શબ્દો પત્રિકામાં થોડા મહિના પહેલાં લખાએલા યાદ છે. સાથે એક સ્થળે વાંચેલું તે યાદ આવે છે કે: ધ્યેય સિદ્ધિનો આધાર આપણા સંકલ્પબળ અને તેને માટેના સતત્ પ્રયત્ન ઉપર છે.'

* * *

પરિવર્તન એ સંસારનો મહા નિયમ હોય તો 'ક્રાન્તિ' એ શબ્દથી ગભરાનારા કે અમુક પ્રકારના વિચારો ધરાવવા અગર જાહેર કરવા તેને સામાજીક ગુન્હો ગણનારા એટલું યાદ રાખે કે, વહેતાં પાણી નિર્મળ રહે છે, બંધીયાર પાણી માત્ર સૂર્યના તાપથી શોષાઇ જશે કે ગંધાઇ ઉઠી રોગનો ફેલાવો કરશે.

* * *

'યુવાનોએ આગેવાનોની પસંદગીમાં બહુ સંભાળ રાખવાની છે' એવી સૂચના ગઇ પત્રિકાના નોંધ અને ચર્ચા વિભાગમાં કરવામાં આવી છે. લેખકને જરા જુદું કહેવાનું છે 'યુવાનો મર્યાદા મુકે તે પહેલાં અમારા ડાહ્યા નેતાઓએ જાગ્રત થઇ જવાની જરૂર છે.' કારણ પુછશો તો હું કહીશ કે આ ક્રાન્તિના યુગ છે. કપડાંએ ડાઘ પડવા સિવાય આગેવાન બનવાના કે અગાડે કમાડ દેવી મુત્સદ્દી ગણાવાના જમાના હવે વહી ગયા છે.

* * *

શ્વે. મૂ. જૈન સમાજની સાચી પ્રતિનિધિ રૂપ સંસ્થા તે આપણી 'કોન્ફરન્સ.' આપણી એ 'એકજ' સંસ્થાને બીજી અન્ય કોમી સંસ્થાઓમાં 'અજોડ' બનાવવાનો પ્રયત્ન કયારે થશે? કોણ કરશે? અને એનો સાચો જવાબ કોણ આપશે?

—'સત્તાની શોધવામાં પુરૂષાર્થ' હણાય છે એ આપણે કયારે શીખશું' એ સૂત્ર આપણને સાચો માર્ગ ન સુઝાડી શકે?

* * *

'યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે' એ વાકયની સત્યતા આજુ અહિંસક યુધ્ધમાં યૌવને આપેલા આત્મભોગથી સિધ્ધ થઇ ચુકી છે. સામાજીક ક્ષેત્રમાં એ આશા રાખવી હજુય અસ્થાને ગણાય ખરી?

18/9/30.

— Fedist.

# પ્રભાત ફેરી.

પ્રાતઃકાળમાં સૂર્યોદય પૂર્વે જાગ્રત થઈ, રાષ્ટ્રધ્વજ સાથે ગીત ગાતાં ગાતાં મંડળીમાં નિકળવું એ પ્રથા ઘણી સુંદર છે. એમાં સ્ત્રી તથા બાળકો સુદ્ધાં હર્ષથી ભાગ લે છે. આનાથી પ્રચારકાર્ય તો સતત્ ચાલુજ રહે છે અને જનતાને ગાંધીજીની લડતનો જૂદા જૂદા રાષ્ટ્રગીતો પરથી ખ્યાલ આવે છે. એ ઉપરાંત સૂર્યોદય પહેલાં ઉઠવાથી શરીર તંદુરસ્ત રહે છે, સવારમાં ફરવાથી તાજી હવા ને કસરતનો લાભ મળે છે અને કેટલીકમાં હાથવાજુ, ચંગડીયો (કાંસી) આદિ વાજિંત્રો હોય છે તેમજ ગાનારનો કંઠ મધુર હોય છે તો સંગીતનો મનોહર આનંદ લુંટવાની મઝા પડે છે. આમ આખી યોજના સુંદર પ્રકારે નિર્માણ થયેલી છે. વળી જ્યાં રાષ્ટ્રધ્વજ વંદન થવાનું હોય છે ત્યાં ખાસ કરી દરેક પ્રભાત ફેરીઓ આવે છે એટલે એ સ્થાન ત્રણ ચાર કલાક વિવિધ પ્રકારના સ્વાતંત્ર્ય ગીતોથી કિંવા રામધુન કે પ્રભાતીયાથી ગાજી રહે છે.

ગત્ રવીવારે આવોજ પ્રસંગ ઝવેરી બજાર પ્રભાત ફેરી મંડળ તરફથી મુલીજનના હોલ નજીક ઉજવાયલો. એક મકાનમાં યેરોડા જેલનો દેખાવ ગોઠવવામાં આવેલ, પાછલા ભાગમાં ગાંધીજીની છબી મુકેલી જ્યારે આગળના ભાગમાં ચાંદી જડિત સુદર્શન ચક્ર યાને રેંટીયો મુકેલા. આજુબાજુ જૂદા જૂદા નેતાઓના ફોટા મઢી આખી ગલી આસોપાલવના તોરણોથી શણગારી દીધેલી. આખું દૃશ્ય ઉઠીને આંખે વળગતુ અને પડોસમાં વસતા નરનારીઓમાં રાષ્ટ્રિયભાવનાના આદેશનો પ્રગટાવતુ. જેણે દેશની ચલવલ સમજવા પરિશ્રમ પણ ન સેવ્યો હોય એવાના કાન ઉઘાડી નાખતુ. એક તરફ મુંબઈ જૈન સ્વયંસેવકમંડળનું બેન્ડ આવકાર આપતું વાગી રહ્યું હતું. બીજી બાજુ શેખમેમન સ્ટ્રીટના માર્ગ પર ઉક્ત મંડળના સ્વયંસેવકોની ટુકડી આવતી જતી પ્રભાત ફેરીની વ્યવસ્થા કરી રહી હતી. મંડળના નાયક જેલમાંથી તાજા છુટી આવેલા **શ્રી** મણિભાઈ જેમલના હાથે રાષ્ટ્રધ્વજ વંદનની ક્રિયા થઈ ચુકયા બાદ રાષ્ટ્રધ્વજ પરત્વે આપણી ભાવના કેવા ઉચ્ચ પ્રકારની હોવી ઘટે એ સબંધમાં જોસદાર ભાષામાં સારૂ વિવેચન એમના તરફથી કરવામાં આવ્યું હતું. જૂદા જૂદા દેશના ધ્વજો લેઈ એક પારસીભાઈને હિંદ માટેના ધ્વજ સંબંધે લાગણી સ્ફુરી, બાદ આંધ્રના એક બન્ધુ તરફથી એનું પ્રાથમીક સ્વરૂપ ઘડાયું અને ગાંધીજીની પ્રેરણાથી આજનું આ ત્રિરંગી સ્વરૂપ આપણી રાષ્ટ્રિય મહાસભાએ મંજુર રાખ્યા સંબંધીનો ઇતિહાસ ટુંકમાં કહી બતાવ્યો. ધ્વજમાં હિંદની દરેક કોમોના ચિન્હ સુચવતા રંગો છે જ્યારે રેંટીયાનું ચિત્ર એ સ્વાતંત્ર્યતાનું નિશાન છે. એ માટે નાગપુરમાં હજારો ભાઈઓએ જેલમાં જઈ અપાર કષ્ટો સહન કરેલાં છતાં ધ્વજનું લેશમાત્ર અપમાન થવા દીધું નહિ. શીર જતા છતાં પણ એનું રક્ષણ કરવું એ આપણી સર્વેની ફરજ છે. ભારતવર્ષ આજે આઝાદીના માર્ગે કુચ કરી રહેલ છે. એ માટે આપણા નામાંકિત નેતાઓ અને હજારો બન્ધુઓ લાઠીના ઘા ને જેલના સંકટો વેઠી રહ્યા છે. આપણે એ ધ્વજને ફરકાવી નિશ્ચય કરવાનો છે કે એને ઉંચો રાખવામાં આવતાં દરેક કષ્ટો આપણે હસતે મુખડે સહીશું.

ત્યારબાદ શ્રી મુંબાઈ જૈન સ્વયંસેવક મંડળને ચાંદીનો ચંદ્રક ભેટ અપાયો હતો. સૌ સૈનિકોએ 'વંદેમાતરમ્' ના ગીત પૂર્વક રાષ્ટ્રધ્વજ વંદન કરાવ્યા બાદ કાર્યની સમાપ્તિ થઈ હતી.

આવા પ્રેરણાદાયક દશ્યો આજે મુંબાઈની ભૂમિ પર ઠેર ઠેર થઈ રહ્યા છે; એ પરથી રાષ્ટ્ર પ્રવૃત્તિ કેટલી સજીવન છે અને કેટલા વધુ પ્રમાણમાં સજીવન થતી ચાલી છે એનું માપ નિકળી શકે છે. બાળકોમાં પણ એનો પ્રચાર પુરતા વેગથી થઈ રહ્યો છે. એમાંથી સ્વતંત્ર ભારતના નિર્માણ અવશ્ય થવાનાજ.

# વીરશાસનની ન્યાયશીલતાનો નમુનો.

વીરશાસન તા૦ ૫-૯-૩૦ ના અંકમાં રા. મોતીચંદભાઈ તથા ભાઈશ્રી પરમાણંદ માટે ખોટા સમાચાર પ્રગટ કર્યા પછી જૈન ધર્મ પ્રસારક સભાના મંત્રીએ તેમની ઉપર કાગળ લખ્યો હતો તે કાગળ તથા વીરશાસન તરફથી સભા ઉપર આવેલો જવાબ નીચે પ્રગટ કરીએ છીએ.

**મંત્રીનો પત્ર.**

જા. નં. ૧૧૩૪. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,
ભાવનગર, તા૦ ૮-૯-૩૦.

શ્રી વીરશાસન પત્રના અધિપતી સાહેબની સેવામાં અમદાવાદ.

આપના અંક ૪૯ ના પૃષ્ટ ૭૫૨ ઉપર શ્રી જૈન ધર્મ પ્રકાશના સંબંધમાં મોતીચંદ સોલીસીટર તથા પરમાણંદ વકીલને બાતલ કર્યાની બાબતમાં જે ઉલ્લેખ કર્યો છે તે અસત્ય હકીકતથી ભરેલો છે. તમોએ લખેલી છે તેવી અરજી સભાની મેનેજીંગ કમિટિ કે જનરલ મિટિંગ રૂબરૂ રજુ થઈ નથી અને તમો લખો છો તેવો મોતીચંદભાઈ કે પરમાણંદભાઈના સંબંધમાં ઠરાવ થયેલ નથી. ગયા અંક માટે તેમના તરફથી નોંધ કે ચર્ચા લખાઈને આવીજ નથી અને તે આપને વિદિત થાય. આ હકીકત આપના હવે પછીના અંકમાં દાખલ કરવા જરૂર તસદી લેશોજી. લી૦ સેવક,

કુંવરજી મુળચંદ શાહ.
સેક્રેટરી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર.

**વીરશાસનના વ્યવસ્થાપકનો જવાબ.**

શ્રી વીરશાસન કાર્યાલય, રતન પોળ પાંજરા સામે.
અમદાવાદ, તા૦ ૧૦-૯-૩૦.

**મહાશય,**

જયજીનેંદ્ર તા૦ ૮-૯-૩૦ નું લખેલું કવર મળ્યું. ખુલાસો સુચવવા માટે આધાર એ વિષે તપાસ કરાવી છે. પછી યોગ્ય થશે, એની ખાત્રી રહે. એજ. લી૦

શ્રી કાન્તના જયવીર.
વ્ય. વીરશાસન.

બે જાણીતા બંધુઓ માટે સમાચાર પ્રગટ કરતાં પહેલાં વીરશાસનના અધિપતિને તપાસ કરાવવાનું યોગ્ય લાગતું નથી પણ જ્યારે સત્તાવાર સમાચાર જવાબદાર અધિકારી તરફથી આપવામાં આવે છે ત્યારે તે છાપવાને બદલે અધિપતિ તપાસ કરવા દોડે છે. કારણ કે ઉપરોક્ત બન્ને બંધુઓ ઉપરનો વીરશાસનનો 'નિષ્પક્ષપાત' પ્રેમ સર્વને જાણીતો છે.

આ પત્રિકા અંબાલાલ બાર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઈ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાનો કટિબદ્ધ થાવ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૯ મો. | સંવત ૧૯૮૬ ના આસો સુદી ૭. તા૦ ૨૯-૯-૩૦ | છુટક નકલ : ૦॥ આનો.

## સેનાની શ્રી. વીરચંદભાઈ.

આપણા જૈન યુવક સંઘના અગ્રગણ્ય સભાસદ ભાઇશ્રી વીરચંદભાઇ મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખ નીમાયા એ સમાચાર જાણી કયા જૈન યુવકનું હૃદય અભિમાન અને આનંદથી ઉછળ્યું નહિ હોય? જૈન સમાજની અનેક સંસ્થાઓ સાથે વિવિધ પ્રકારનો જવાબદાર સંબંધ ધરાવનાર વીરચંદભાઇને આજે કોણ નથી ઓળખતું? એમ છતાં તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વની કેટલીક વિશેષતાઓની આ પ્રસંગે ખાસ નોંધ લેવી ઘટે છે. તેમની વર્તમાન પ્રભુતા કોઇ અકસ્માતનું પરિણામ નથી, પણ અત્યાર સુધીના પ્રયત્નપૂર્વકના ગુણવિકાસનું પરિણામ છે. તે ગરીબ કુટુંબમાં જન્મેલા, અને સાધારણ સ્થિતિમાં ઉછરેલા. ભાવનગરની જૈન બોર્ડીંગમાં રહીને કોલેજમાં ભણી ગ્રેજ્યુએટ થયેલા અને ત્યાર બાદ કોઇ પણ પ્રકારની મોટી મુડી સિવાય વ્યાપારમાં પડેલા. ઉત્તરોત્તર તેમનો વ્યાપાર વધતો ચાલ્યો અને દ્રવ્યની આવક પણ વધવા લાગી. આમ છતાં આજે કાંઇ તેમની એવી સ્થિતિ ન ગણાય કે મુંબઇના મોટા શ્રીમાનોની પંક્તિમાં તેમને મુકી શકાય. આવી સામાન્ય પરિસ્થિતિ હોવા છતાં, તેમણે ગરીબોને મદદ કરવામાં અને વિદ્યાર્થીઓને આગળ વધારવામાં, કદિ પણ પાછું વાળીને જોયું નથી. તેમણે અત્યાર સુધીમાં અનેક દુઃખી માણસોની આંતરડી ઠારી હશે; અને દ્રવ્યના અભાવે અટકી પડતા અનેક વિદ્યાર્થીઓને યુનીવર્સિટીની ઉંચી પરીક્ષાઓને પાર ઉતાર્યાં હશે; તેમનામાં એવું અપૂર્વ સૌજન્ય અને હાર્દિક ઉદારતા છે કે કોઇ મદદ માંગવા આવે, કોઇ ટીપ, ફંડ કે ફાળો આવે, કોઇ સંસ્થાની જવાબદારી સોંપવા આવે, નાત, જાત, સગાં, સંબંધીઓ કે સમાજના નાના મોટાં કામ આવે, તેવા કોઇ પણ પ્રસંગે—પોતાની પાસે બચત દ્રવ્ય હોય કે ન હોય, સમયનો અવકાશ હોય કે ન હોય—તો પણ ના કહે તો એ વીરચંદભાઇ નહિ. ફુલ નહિ તો ફુલની પાંખડી—અને તેટલું કરીને છુટવું—અને તેટલી સેવા આપી જીવનને કૃતાર્થ કરવું—ગજા ઉપરવટ ખાતાંઓની જવાબદારી ધારણ કરીને તે તે કામોમાં દટાયા રહેવું—આ તેમના અત્યાર સુધીના જીવનનો સામાન્ય ક્રમ છે. તેની પાસે જ્યારે પણ જાઓ ત્યારે તે પ્રસન્નજ હોય, તમે શું કામ તેમની પાસેથી માગો છો તે જાણવા આતુરજ હોય, અને તમારી વાત સાંભળીને જે થઇ શકે તે કરવા તૈયારજ હોય. તેમનું વાત્સલ્ય સર્વસ્પર્શી અને સર્વગ્રાહી છે. તેમણે પોતાની પત્નીને ઇચ્છે માર્ગે ચલાવી છે; પોતાનાં બાળકોને ઉલ્લાસપૂર્વક ભણાવ્યાં છે; મિત્રોને એકસરખા પ્રેમથી નવરાવ્યા છે; જ્ઞાતિ જનોને એકધારી સેવાથી નવાજી છે; જૈન સમાજને અનેક સંસ્થાઓનો ભાર ઉપાડી ઋણપરાયણ કરી છે; દેશને મહાસભાની કેટલાય વર્ષોની સેવાથી ગૌરવાંકિત કર્યો છે. આડંબર તેમને કરવાની કદિ જરૂરજ રહેતી નથી કારણ કે સાચી સેવા એજ તેમનું જીવન-મંત્ર છે; સંયમ તેમને એક સ્વાભાવિક વસ્તુ બની ગઇ છે; પક્ષાપક્ષી કે ખોટાં મમત્વથી તે દૂર નાસે છે. તેમનામાં એવી કોઇ નિખાલસ સેવાવૃત્તિ છે અને એવો કોઇ સર્વસ્પર્શી પ્રેમભાવ છે કે નાનાં મોટાં—નજીકનાં દૂરનાં—જ્ઞાતિજનો, ધર્મીજનો તેમજ દેશજનો—સૌ કોઇ વીરચંદભાઇને પોતાનાજ માને છે અને પોતાના તરીકે તેમની સેવાનો હક્ક કરતા આવે છે અને જેવી રીતે વરસાદ સર્વત્ર સરખો વરસે છે. સૂર્ય સર્વત્ર સરખો તપે છે તેવી રીતે વીરચંદભાઇ પોતાનું અર્પણ સૌ કોઇની સેવામાં અત્યાર સુધી છુટે હાથે વેરતા આવ્યા છે, અને એ રીતે સર્વ વર્ગોના, પ્રેમના તે પાત્ર બન્યા છે. આવા એક નિર્મળ સેવાપરાયણ સજ્જન અત્યારના કટોકટીના સમયે મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખસ્થાન ઉપર આરૂઢ થાય તે બનાવથી બન્નેના ગૌરવમાં વધારો થાય છે અને તેથી બન્ને પક્ષ ખરેખર અભિનન્દનને યોગ્ય બને છે. અત્યારે રાજકારણમાં પડવું તે કાંટાના આસન ઉપર તપશ્ચર્યા કરવા બરોબર છે. તે કાર્ય તો તેજ હાથ ધરી શકે કે જેણે સર્વ વિકારોને જીતીને બુદ્ધિને નિર્મળ બનાવી છે અને જેણે સર્વ ભય અને સ્વાર્થોને વિસારીને સાચી નિડરતા તથા વીરતાને કેળવી છે આપણને ખાત્રી છે કે વીરચંદભાઇ પોતાના માથે ઉપાડેલી આ વિશિષ્ટ પ્રકારની અતિવિકટ જવાબદારી બરોબર પાર ઉતારી, દેશના સંગ્રામ વહીવટને ખુબ જોસભેર આગળ ધપાવશે અને અત્યારના સાહસભર્યા કાર્યક્રમમાં વ્યવસ્થાની વિશેષ મેળવણી કરીને, જે ધ્યેયને ધ્યાનમાં રાખીને મહાત્મા ગાંધીજીએ આ મહાન સંગ્રામનો પ્રારંભ કર્યો છે, તે ધ્યેયની વધારે વધારે સમીપ આપણા દેશને લઇ જશે. આપણા વીરચંદભાઇને આપણા અંતઃકરણનાં ખુબ અભિનન્દન છે, અને હૃદયની અનેક શુભેચ્છાઓ છે.

પરમાનંદ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# યુવાનો કટિબધ્ધ થાવ.

આપણી ચોતરફ જે જીવંત વાતાવરણ જામ્યું છે એ જોતાં ભાગ્યે કોઈ સાચા યુવાનને ખૂણેખાંચરેથી ધર્મના ઓઠા તળે ઉચ્ચારાતા વાણીવિલાસ પ્રતિ લક્ષ આપવાપણું હોય. એની ચક્ષુ સામે ખાદીપરિધાન, કાંતણ, પીંજણ, વિદેશી કાપડ તથા દારૂની દુકાનો પર પીકેટીંગ અને સત્યાગ્રહી તરીકે જોડાવું આદિ કેટલાયે દેશસેવાના કાર્યો ખડા છે કે જેમાં એકતારે બનવાનું મુકી એ ધર્મના નામે ચલાવવામાં આવતા નમાલા વિવાદમાં પડવાનું પસંદ કરે કીંવા ધનની મદદથી લીધા પીંજરાઓથી ભરાતા કોલમો સામે કલમ ચલાવવાનું શરૂ કરે. આખાયે યુવાન સમુદાય માટે આ પ્રસંગ અતિ ગૌરવભર્યો છે, કેમકે એમાંનો એક યુવાન આજે મુંબઈની વોર કાઉન્સીલના પ્રમુખપદે બીરાજ્યો છે. જે સમયે દેશ કટોકટીની પળમાંથી પસાર થતો હોય, જે કાળે પ્રસિદ્ધ દેશનેતાઓનો મોટો ભાગ જેલની દિવાલો પાછળ અમાપ કષ્ટો સહી રહ્યો હોય, જે વેળાએ ગુજરાતના ગામડાઓ વસ્તીથી ખાલી થઈ જતાં હોય અને સત્યને ખાતર ખેડુતો ન વર્ણવી શકાય એવી યાતનાઓ હસતે મુખે વધાવી લેતા હોય અને જે વહીએ દેશના પનોતા પુત્રો, કુલીન નારીઓ, મોજવિલાસોને ઠોકરે મારી, સ્નેહની સાંકળને થોડા કાળ સારૂ તોડી નાખી, લેશમાત્ર ગભરાટ કે ભય વગર રણક્ષેત્રમાં પોતીકી સેવાઓ ધરી રહી હોય, એવા મોંઘેરા પ્રસંગે કેવળ ધર્મના નામે કલમ ચલાવનારા કિંવા તો મત-નિયમના નામે [illegible] શાસ્ત્રના નામે [illegible] વાતો ફેંકનારા કઈ રીતે દેશદાઝ ધરાવે છે અથવા તો કેવી રીતે ધર્મનું સ્વરૂપ સમજાવે છે! શું [illegible] ધર્મના નામે ગમે તેમ વાતો કરી જનતામાં પ્રસરી રહેલા આવેગને હારી દેવાનો છે? શું જૈન સિધ્ધાંતમાં એવાજ જાતના નિયમો બાંધવામાં આવેલા છે કે જેમાં કોઈ વાર કંઈ પણ જાતનો સુધારો સરખો નજ થઈ શકે? વળી એ સર્વ શાસ્ત્રો સમજવાનો એકલો ઇજારો માત્ર શ્રી રામ-સાગરે લીમીટેડજ રાખેલો છે કે શું? કુદરતી પ્રશ્ન પૂછવાની ઇચ્છા થાય છે કે આ મહાત્માઓએ ભૂતકાળમાં જેવી રીતે જીવન વિતાવ્યું છે અને હાલ વીતાવી રહ્યા છે એ સર્વ ધર્મશાસ્ત્રના-પ્રભુશ્રીના આગમના-કાનુન અનુસારજ છે ને! વારે ક્વારે, વિના પ્રયોજને વ્યાખ્યાન સમયે ધર્મઉપદેશને બદલે કરાતા અસુયા ભર્યા આક્ષેપો માટે આટલું કહેવું પડે છે. મૌનપણે જાતે ધર્મ પાલન કરવામાં કોઈ આડખીલી કરતુંજ નથી બાકી 'હું કહું તેજ ધર્મ' ને તે પ્રમાણેજ સર્વત્ર થવું જોઈએ' એવો દાવો કરવાનો યુગ અદ્રશ્ય થઈ ગયો છે.

અંતર પૂર્ણપણે સાક્ષી પુરે છે કે કેવલ પ્રેમે જીવોનું કલ્યાણ પ્રેમના માર્ગે કરનારા અને 'શાસન રસી સવિ જીવ કરૂં' એવી વિશાળ ભાવનાવાળા અને મરણાંત ઉપસર્ગો સામે અતુલ શક્તિ છતાં સમભાવથી છાતી ઉપાડી રાખનારા તીર્થંકરોનો ધર્મ કે ઉપદેશ આજે પ્રવર્તે છે તેવી નમાલી સ્થિતિ જન્માવનારો તો નથીજ. એમના ઉપદેશો એ સાચા અહિંસકના વચનામૃતો છે. એમાં શુરાતનની રેખા સ્પષ્ટ તરી આવે છે. આધુનિક સમયની નબળાઈના દર્શનનું બિંદુ સરખુ પણ ત્યાં શોધ્યું જડતું નથી. તેથી પચીસો વર્ષનો કાળ વ્યતીત થયા છતાં એનું રહસ્ય અચલિત રહ્યું છે. શ્રેણિકથી માંડી કુમારપાળ સુધીનો કે ચેટકથી લઈ વસ્તુપાળ સુધીનો અથવા તો શ્રી સુધર્માસ્વામીથી છેલ્લા થનાર શ્રી યશોવિજયજી સુધીનો ઇતિહાસ મધ્યસ્થ દ્રષ્ટિથી વિચારતાં સ્થળે સ્થળે ઐક્યાત્મક સંદેશાઓ અને વીરતાભર્યા કાર્યો દ્રષ્ટિગોચર થાય તેમ છે. જરૂર જૈનો માટે એ ગૌરવશાળી યુગ હતો. એ સ્થિતિના પુન: સર્જન કરવાનો અવસર આજે ભારતવર્ષના આંગણે આવી લાગ્યો છે.

પ્રત્યેક યુવક-યુવતી એ વધાવવા તૈયાર થઈ જાવ. તમારી નાનીશી સેવા પણ એમાં મહા ઉપયોગની છે. ધર્મના નામે શંકાના વમળોમાં ભમવાનું છોડી દ્યો, દૃઢ શ્રદ્ધાથી એને અપનાવી લ્યો.

સાચું જૈનત્વ ઘડવાનો આ સુંદર યોગ છે. આત્માની અમરતા વિષે લાંબી ટુંકી દલીલો ભલે સંતો પાસેથી મળતી હોય પણ એનું તાદ્દશ સ્વરૂપ તો આજ જનતામાં ભળી, એમનામાં નિર્ધારિત થયેલી ફના થઈ જવાની વૃત્તિનું નજરે દર્શન કરવાથી સમજાય છે. આજે તો સૂર્યના આગમન સાથે ગંભીરતા પ્રેરકને સાચી અસ્મિતા પ્રગટાવે તેવા સંખ્યાબંધ ઉદાહરણો નજરે સામે આવે છે. જૈનયુવાન એમાંથી તું કંઈક તો મેળવ.

# શેઠ જીવતલાલ પ્રતાપસીને ચેલેંજ.

## શેઠશ્રી ઉપાડી લેશે કે?

કોન્ફરન્સ લેખા પોતાના પત્રમાં જુન્નેરના કાર્યવાહકો માટે જે આક્ષેપ શેઠ જીવતલાલ પ્રતાપસીએ મુંબઈ સમાચારમાં કરેલો તેનો સજ્જડ જવાબ જુ કોં શ્રી. શ્વે. સં. મોતીલાલ વીરચંદ તરફથી મુંબઈ સમાચાર તા૦ ૨૭મીમાં પ્રસીદ્ધ થયો છે તેમાંના ઉપયોગી ફકરા નીચે આપ્યા છે.

"અમો સ્પષ્ટ રીતે કહીએ છીએ કે કોન્ફરન્સના ધારાધોરણોને અનુસરીને જે જે પ્રતિનિધી અથવા પ્રેક્ષકો આવેલા તેમાંના એક પણ ગૃહસ્થને અમોએ ભાગ લેતા અટકાવેલ નથી તેમજ તેમના સાથે અમારા કાર્યવાહકોએ કોઈ પણ જાતની ગેરવર્તણુંક કરેલી નથી. એ બાબત જાહેર પેપરોમાં વારંવાર રીતે સ્ટેટમેન્ટો સાથે ખુલાસા વિગતવાર પ્રગટ થયેલા છે, છતાં હજુ સુધી શેઠ જીવાભાઈ જેવા ગૃહસ્થો પોતાના માની લીધેલા આક્ષેપો વ- જાહેર પેપરોમાં દોડધામ કરવા મંડી પડેલા છે એ અત્યંત દલગીરીભર્યું છે. કાયદાસર મંડપની અંદર આવવાનો હક નહી છતાં હુમલો કરનારા કેટલાકના નામો અમો આપી શકીશું. પરંતુ કાયદાસર હક છતાં અંદર આવવા દીધા નહી એવું પુરવાર કરવાની શેઠ જીવાભાઈને અમો ચેલેંજ કરીએ છીએ. અને કૃપા કરી આવા ખોટા આક્ષેપો અને ખોટી કલ્પનાઓ જાહેરમાં નહી મુકવા શેઠ જીવાભાઈને વિનવીએ છીએ.

બીજી બાબત સાધુના રેલવીહાર સંબંધે મહારાષ્ટ્રીય પ્રાંતિક કોન્ફરન્સમાં થયેલા ઠરાવ ઉપર તેવો આક્ષેપ કરી કોન્ફરન્સના કાર્યવાહકોએ આડકતરી રીતે રેલવીહારને અનુમોદન આપેલુ છે, એમ શેઠ જીવાભાઈ જણાવે છે. એ બાબત અમારે સ્પષ્ટ કહેવાની જરૂર છે કે મહારાષ્ટ્રમાં ઘણા વર્ષોથી જાહેર રીતે રેલવીહાર કરી વીચારે છે તેમજ સાધુના કેટલા એક આચાર પાળનારા પ્રસંગોપાત રેલવીહાર કરે છે. એમાંના કોઈને પણ મહારાષ્ટ્રના જૈનોએ પુરેપુ પંચમહાવ્રતધારી સાધુ તરીકે માન્યા નથી, તેમજ રેલવીહારની અનુમોદના કે પ્રેરણા બીલકુલ કરેલ નથી.

મહારાષ્ટ્રના જૈનો, ખુલ્લા અંતઃકરણના અને સત્યનેજ માન આપનારા છે, એ ધ્યાનમાં રાખવું. શેઠ જીવાભાઈને આવા નકામા દ્વેષ વધારનારા અને જાહેર પેપરોની અમુલ્ય જગા આવા ખોટા લેખોથી નહી ભરવા વિનંતી છે; અને એ અમારી વિનંતી બહેરા કાન ઉપર નહી પડે એવી અમારી આશા છે તે ઉપરાંત મહારાષ્ટ્રના બંધુઓ ઉપર જો કોઈ જાતનો ખોટો આક્ષેપ કરવામાં આવશે તો તેનો યોગ્ય જવાબ જરૂર આપવામાં આવશે તેની ખાત્રી રાખવી."

અમો આશા રાખીએ છીએ કે શેઠ જીવાભાઈ આ ચેલેંજ ઉપાડી લેશે અને પોતે કરેલા આક્ષેપોના પુરાવા પોતાની પાસે હશે તો રજુ કરશે, નહીં તો પહેલી તકે પાછા ખેંચી લેશે.

# શ્રી ?

"સૂર્યનો પ્રકાશ ઝાંખો! વિશ્વ મુગ્ધ છે;
મીંચે યુવક એક આંખડીઓ રે—
ઝીલે પ્રકાશ આત્મદેવના."

* * *

'વીરશાસન'ના એ શાસનપ્રેમી રાષ્ટ્રીય કોંગ્રેસવાદીએ શંકા કરી છે, કે "તમારી જૈન કોન્ફરન્સનો કોઇ પણ નેતા જેલ જવાને કેમ તૈયાર નથી થતો, તે જરા જણાવશો કે?" જાણે આ ટીકાખોરને એ મહાન કુદરત જવાબ આપતી હોય તેમ એ શબ્દો લખાયા કે તરતજ ભારતીએ માંડેલા મુક્તિ યજ્ઞમાં પોતાની આહુતી આપવા તત્પર બનેલી એ દેવી—બ્હેન રમીબાઇ—ના હૃદયમાં તેણે પ્રેરણા મુકી અને તેમણે શ્રી વીરચંદ ભાઇને પોતાની જગ્યા સંભાળી લેવા સૂચવ્યું. શ્રી વીરચંદ ભાઇએ તેનો સ્વીકાર કર્યો.

—ટીકાખોરોને કુદરતનો આ સચોટ તમાચો નથી?

* * *

આપણામાં કહેવત છે, કે 'નાચવું ન હોય ત્યારે કહેવું કે: આંગણું વાંકુ છે.' એ ન્યાયે 'મુંબઈનું વાતાવરણ શબ્દ ચિત્રોમાં ઉતારવાનો ફોગટ પ્રયત્ન કરનાર લલિત કરે છે, કે 'પ્રથમ ધર્મ કે દેશ?' વળી જાણે બહુ મ્હોટી શોધ કરી નાખી હોય તેમ લખી નાખે છે, કે: 'જેલ જઇ આવેલા જૈન ભાઇઓ જણાવે છે, કે—જેલમાં ડુંગળી કાંદા, બટાટા વિગેરે કંદમૂળ જેવી અભક્ષ્ય વસ્તુઓ ખાવી પડે છે અને ચુસ્ત રીતે ધર્મના સિદ્ધાંતો પાળી શકાતા નથી." આમ લખ્યા પછી જેલમાં જનારાઓની જાણે દયા ખાતા હોય તેમ એ બાબતમાં હેતુપૂર્વક સમાજ અને કોન્ફરન્સ સમક્ષ સારી ભલામણો અને મીઠી સૂચનાઓ પણ મુકે છે. પરંતુ એ ખાસ બે પાનાના લખાણરૂપી દહીંનું મંથન કરતાં જે માખણ હાથ લાગવાનો સંભવ છે તે આ રહ્યું:

'શું કરીએ જેલમાં ધર્મ સચવાતો નથી. અને અમારે શાસનપ્રેમીઓને ધર્મ પહેલો.—(હવે પછીના શબ્દો અધ્યાહાર સમજવા) બાકી અમો શાસનપ્રેમીઓ તો દેશની ખાતર ફના થઇ જવા તૈયાર છીએ."

—કોઇ સમજાવશે કે આતે મુંબઇના વાતાવરણનું આલેખન કે પોતાનો બચાવ: કે બીજાની ઉપર મનગમતા આક્ષેપો કરવાની મલીન મનોદશાને તૃપ્ત કરવાનો પ્રયત્ન. આમાંથી શું સમજવું?! મારો એક મિત્ર જે દુધપાક પુરીનો જરા વધારે શોખીન છે તેણે શોધ કરી છે, કે 'વાલકેશ્વરના દુધપાક પુરીના જમણમાં જરા જાયફળ વધારે પડેલું તેનું આ પરિણામ છે!' સાચું શું હશે તે તો જ્ઞાનીજ જાણે ને?

* * *

'પ્રથમ દેશ કે ધર્મ' એ પ્રશ્ન ઉપસ્થિત કરનારને સમર્પણ:—

—"પરંતુ રાષ્ટ્ર સ્થિતિથી ધર્માચરણના જુદા ચોકા કરાવવા માંગનારા મહોદયે સમજી લેવું કે ગુલામીનું ધર્માચરણ એ ધર્માચરણ નથી, કે સંસ્કૃતિ રક્ષણ નથી. જે ધર્માચરણ સમાજની ઉચ્ચ સંસ્કૃતિનું રક્ષણ કરી શકતું નથી તે ધર્માચરણને કાળના ઉદરમાં સમાઇ જતાં વાર લાગતી નથી. સંસ્કૃતિનું રક્ષણ તો ત્યારેજ થાય કે જ્યારે દેશ સ્વતંત્ર હોય. સમાજ સુખી તથા નીતિશીળ હોય. વસ્તુતઃ ગુલામી એ સંસ્કૃતિને ગળી જનારી રાક્ષસી છે.—"

—અને આવી સલાહ આપવામાં જે કંઇ પાપ પુણ્ય લાગતું હોય તે 'સુઘોષા'ના તંત્રીને ખાતે જમા કરાવવાની 'જિનગુપ્ત'ના એજન્ટોને ભલામણ છે.

* * *

'ઘરનાં બારી બારણાં બંધ કરી સૂર્યના પ્રકાશને કે પવનને આવકાર આપવાની સાફ ના પાડતી તે પોતાનાજ શ્વાસોશ્વાસના ઝેરનો ભોગ બની મૃત્યુને આવકાર આપવાની તૈયારી સૂચવે છે.' આ સાદું સત્ય સમાજ શરીરને માટે પણ એટલુંજ સત્ય નથી?

* * *

જો કે આપણા વક્તાઓ અને લેખકોને આપણા ક્ષાત્રત્વના ગુણગાન ગાવાની બહુ હોંસ આવે છે. પણ મને ખાત્રી છે, કે તેઓ જરૂર મનમાં તો સમજતાજ હોય છે કે, આપણે ક્ષાત્રત્વનો વારસો કેટલો સાચવ્યો હોય છે?! અને સાચેજ આપણામાંથી ક્ષાત્રવૃત્તિનો કેમ, ક્યારે અને કેવી રીતે લોપ થયો એ બહુજ વિચારણીય પ્રશ્નો નથી? આપણી શાન્તિને આંતર કલહો એવા વધી રહ્યા છે, કે એ તરફ આપણી દ્રષ્ટિ કદાચ ભાગ્યેજ જતી હશે. પણ મને લાગે છે, કે ક્ષાત્રવૃત્તિના લોપનું કારણજ આપણી અવનતિના અનેક કારણોમાં મહત્વનું કારણ કેમ ન હોય!

—આપણા પુરાતત્વ સંશોધકો આ પ્રશ્નનો નિર્ણય કરવા પ્રયત્ન કરશે ખરા?

* * *

કોન્ફરન્સે જુન્નર મુકામે કરેલા ઠરાવો અને કાર્યક્રમના માર્ગે આપણે કેટલું પ્રયાણ કર્યું છે તેનું સિંહાવલોકન કોન્ફરન્સના આગેવાનો કરે તો કેટલું સારૂં!

અને કોન્ફરન્સે નીમેલી 'બહિષ્કાર અને સ્વદેશી પ્રચાર સમિતિ'એ પોતાનાં કાર્યની જે સુંદર શરૂઆત કરેલી તેની સહર્ષ નોંધ લેતાં ખેદ સાથે નોંધવું પડે છે કે: 'આપણે શરૂઆત શૂરા છીએ' એ કહેવત પણ સાચી તો નહીંજ પાડેને?! મંત્રીઓ પોતાની ફરજ નહીં વિચારે?

તા૦ ૨૨-૯-૩૦ ના 'મુંબાઇ સમાચાર'માં જીવતલાલ પ્રતાપસી અને કોન્ફરન્સ વચ્ચે ચાલેલા પત્રવ્યવહારને પ્રગટ કરવામાં આવ્યો છે. તંત્રી જોગ લખેલા પત્ર ઉપરથી જણાય છે, કે તા૦ ૯-૯-૩૦ ના અંકમાં એક ભાઇએ તેમને પ્રશ્ન પુછ્યો એટલે તેમને પત્રવ્યવહાર જાહેરમાં મુકવો પડયો. પ્રશ્ન કોણે પુછ્યો તે તો પત્રના તંત્રીજ જાણે. આપણે કે શેઠશ્રી ક્યાંથી જાણી શકીએ? એટલે પ્રશ્ન કરનારના હેતુ વિષે પ્રશ્ન ઉપસ્થિત કરવો પણ અસ્થાનેજને?

પણ એ પત્રવ્યવહારથી મને એમ જણાય છે કે શ્રી. જી. પ્ર. કોન્ફરન્સદ્વારા સુંદર યોજનાઓ ઘડીને અમલ મુકવાની અને સમાજને ઘડવાની સુંદર ભાવનાઓ જરૂર સેવે છે. પણ તેને અમલમાં મુકવાની જવાબદારી માથે લે તો?

—આપણે આશા રાખીએ કે: ભાવનાઓ તેઓ સેવે, અને અમલમાં બીજા મુકે એમ તો તેઓ અંતઃકરણપૂર્વક નહીંજ માનતા હોય!

26/9/30. — FEDIST.

# વોર કાઉન્સીલના પ્રમુખના માનમાં.

મુંબઇ સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રીયુત વીરચંદભાઇને અભિનંદન આપનારા અનેક મેળાવડાઓ આ અઠવાડીયામાં મુંબઇમાં થયા છે. જે એમની લોકપ્રિયતાના પુરાવારૂપ છે. શ્રી ઘોઘારી સંઘ, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, માંડવી જીલ્લા સમિતિ, શ્રી શરાફ મહાજન વગેરે તરફથી માનપત્ર આપવામાં આવ્યા હતા તે ઉપરાંત મુલુંદ ગામ સમસ્ત તરફથી તેમને અભિનંદન આપવામાં આવ્યું હતું. તેમાંના ચોકસ સ્થળે વીરચંદભાઇએ અભિનંદનનો જવાબ વાળતાં પોતાના જીવનના પ્રસંગો ખુલ્લા દીલથી જણાવ્યા હતા. તેના કેટલોક સાર તથા અન્ય વક્તાઓના વિવેચનમાંથી ઉપયોગી ફકરાઓ નીચે પ્રગટ કરીએ છીએ.

### કાંદાવાડી સ્થાનકમાં ભાષણ

તા૦ ૨૭–૯–૩૦ રવીવારે શ્રી કચ્છી વિશા ઓસવાળ સ્વદેશી પ્રચાર સભાના આશ્રય નીચે શેઠ વેલજી લખમશીના પ્રમુખપદે મુનિશ્રી ત્રિલોકચંદજીની હાજરી. વચ્ચે શ્રીયુત્ વીરચંદભાઇનું માનનીય ભાષણ

રાષ્ટ્ર અને ધર્મ એ જુદી વસ્તુઓ નથી. સમાજરૂપી શરીરનાં તે અંગો છે. (રાષ્ટ્ર વિના ધર્મ નથી અને ધર્મ વિના રાષ્ટ્ર નથી. રાષ્ટ્રીય જીવન અને ધાર્મિક જીવન માત્ર એટલાં પૂરતાંજ જુદાં પાડી શકાય કે મનુષ્ય પોતાની પરિસ્થિતી અને સયોગો અનુસાર તે તેમાં પોતાનું પ્રધાન કે ગૌણ સ્થાન શોધી લે.) ધર્મ એટલે સમાજને સુવ્યવસ્થીત રાખવા માટે દેશના સમજુ ડાહ્યા અને જવાબદાર માણસોએ શોધી કાઢેલો માર્ગ. આજે આપણા રાષ્ટ્રની શી સ્થિતિ છે? આપણા ધર્મની શી સ્થિતિ છે? સુરાષ્ટ્રની સ્થિતિ એટલે જ્યાં માણસની આગે સુંદર આદર્શો હોય અને તે અમલમાં મુકવા માટે તેની સામે કોઇ પણ પ્રકારનાં કૃત્રીમ બંધનો ન હોય અને તે આદર્શોને પહોંચવા માટે સર્વ પ્રકારનાં સાધનો હોય. આજે આપણું રાષ્ટ્ર પરતંત્ર છે તેથી આપણી રાજપ્રકરણી સ્થિતિ, આર્થિક સ્થિતિ, સામાજિક સ્થિતિ, ધાર્મિક કે આધ્યાત્મિક સ્થિતિ વિગેરેમાંથી મનુષ્યને જે પ્રકારનું સમાધાન, સંતોષ, આનંદ કે શાંતિ જોઇએ તે મળી શકતાં નથી.

### તે બધું કેમ મેળવી શકાય?

આદર્શ ગૃહજીવન ગાળવા માટે આપણને સ્વતંત્ર રાષ્ટ્ર જોઇશે. અને જ્યારે આપણું ગૃહજીવન શુદ્ધ અને સાત્વિક હશે ત્યારેજ ત્યાગ અને આત્મભોગની વૃત્તિવાળાં મનુષ્યો વિશેષ હશે. આપણે આ દિશામાં જવા માટે યોગ્ય જ્ઞાન મેળવી, યોગ્ય પ્રયાસ સેવવા જોઇશે પ્રથમ તો જેનાથી આપણું રાષ્ટ્ર બંધનમુક્ત થાય તે માટે સ્વદેશીની ભાવના કેળવવી જોઇએ. સ્વદેશી એટલે બને ત્યાંસુધી સર્વાંગ સ્વદેશી પરંતુ જ્યાંસુધી તે ન બને ત્યાંસુધી વસ્ત્રો પૂરતાં સો ભાઇઓ અને બહેનો તેનો સ્વીકાર કરશે. સાદા અને પવિત્ર જીવનને માટે કીંમતી વસ્ત્રોની જરૂર નથી. હાલ જ્યારે દેશ સમસ્ત દુઃખી છે, પરતંત્રતાના પાસમાંથી છુટવા માટે અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી રહેલ છે ત્યારે દેશીમાં પણ ભપકો ન જોઇએ; મોજશોખ કે વિલાસ તો નજ હોય મનુષ્ય રાષ્ટ્રની અનેક પ્રકારે સેવા કરી શકે છે. જુલ્મીને હિંસા કરતાં અહિંસાથી વધારે અટકાવી શકાય છે. જુલ્મી કરતાં પણ જુલ્મ સામે આપણો વધારે રોષ છે. આપણે જુલ્મને દૂર કરવો હોય અને દેશને સ્વાતંત્ર્ય અપાવવું હોય તો સ્વદેશીને અપનાવવા બહેનો અને ભાઇઓએ કટિબદ્ધ થવું પડશે.

ધર્મના આચાર્યો સમાજને વધારે દોરી શકે છે તેનું કારણ તેમનો ઉચ્ચ કોટિનો ત્યાગ છે. આદર્શ મનુષ્યો સમાજ પર પોતાની સારી છાપ પાડી શકે છે તેનું કારણ તેમના જીવનમાં મન, વાણી અને વર્તનની એકતા છે. તેનાં શીલ અને ચારિત્ર શુદ્ધ છે એટલે સમાજમાં જેનું સ્થાન ઉંચું તેની જવાબદારી પણ વિશેષ છે. માટે હવે તો આપણો એકજ ધર્મ અને પ્રાપ્ત ધર્મ એ છે કે સ્વદેશને બંધનમુક્ત કરવા માટે બધા ભાઇઓ અને બ્હેનોએ પોતાની બધી શક્તિ અને બુદ્ધિ તેનો વિકાસ અને પ્રચાર કરવા માટે વાપરવી અને પૂજ્ય મુનિશ્રી ત્રિલોકચંદજી આ દિશામાં ઘણું સુંદર કાર્ય કરી રહ્યા છે તે મારી નમ્ર દૃષ્ટિએ એક પવિત્ર ધાર્મિક કાર્ય છે અને આપ સૌની દૃષ્ટિએ તે પવિત્ર ધાર્મિક કાર્ય હશે. હું ઇચ્છું છું કે આપણો દેશ સત્વર મુક્ત થાય અને તેમાં આપ સૌનો સંપૂર્ણ સહકાર મળે.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આશ્રયે નીચે મળેલી મિટીંગમાં પ્રમુખ તરીકે શેઠ વેલજી લખમશીએ જણાવ્યું હતું કે માનચાંદવાળાને માનપત્રો અપાતાં પણ આજે સરકારના મહેમાન થનારા ભાઇઓને અભિનંદન અપાય છે. તે પલટો કરાવનાર વિચારો મહાત્મા ગાંધીએ મુક્યા. શ્રીયુત્ વીરચંદભાઇ આપણા મટી સમગ્ર મુંબઇના આગેવાન થયા છે. લોર્ડ મેયરને પહેલા શહેરી ગણતા. એટલે કે મ્યુનિસિપલ પ્રમુખને પહેલા શહેરી ગણાતા. હવે તે પણ પાછળ ગણાય છે અને વોર કાઉન્સીલના પ્રમુખ તે મુંબઇના પહેલા શહેરી ગણાય છે.

### ઘોઘારી સંઘની મિટીંગમાં રા. મોતીચંદભાઇના ભાષણો.

શ્રીયુત વીરચંદભાઇની વોર કાઉન્સીલના પ્રમુખ તરીકેની ચુંટણી થઇ એ આપણા માટે ખાસ આનંદની વાત છે. આજે વીરચંદભાઇનું સ્થાન અને હોદ્દો મુંબઇના તાજ વગરના રાજા, જેવો છે. એ સ્થાન એવા પ્રકારનું છે કે તેની જરૂર અદેખાઇ થાય. તેઓ આપણામાંથીજ સામાન્ય અવસ્થામાંથી શરૂઆત કરી ધીમે ધીમે પોતાના બાહુબળથી સારી લક્ષ્મી સંપાદન કરી આપણી કોમનું અનેક રીતે ભલું કરતા આવ્યા છે અને અત્યારે તેમાંથી આવી મોટી પદવી પ્રાપ્ત કરી તે માટે આપણે મગરૂર થવા જેવું છે. કાઠીયાવાડી તરીકે અને જૈન તરીકે આ હોદ્દાપર આવનાર વીરચંદભાઇ પ્રથમ વ્યક્તિ છે તેમની કારકીર્દી યશસ્વી નીવડે.

ઇટાલીના સરમુખત્યાર સીનોર મુસોલીનીએ ઇટાલીની પ્રજાને નૌકા પરિષદથી પોતે અલગ રહ્યા બાદ પુછ્યું કે "સમુદ્ર કોના બાપનો છે" અને જવાબ મળ્યો કે આપણો છે. તેવી રીતે "હીંદ દેશ કોનો છે?" તે પ્રશ્નનો જવાબ પણ આપણે આપીએ કે આપણા બાપનો છે અને તે સદા રહેવાનો છે. સરકાર ભલે આપણી ધન, દોલત બધું જપ્ત કરે પણ આપણી જમીન તે આપણીજ રહેવાની છે, આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે અત્રે હું વીલાયતની ડીસીપ્લીનના વખાણ કરતો હતો પણ છેલ્લા છ માસમાં આપણા હીંદને કોંગ્રેસે એવી ડીસીપ્લીન શીખવી દીધી છે કે ચાર ચાર લાખની મીટીંગે કે સરઘસોમાં ડીસીપ્લીનનો જરા પણ ભંગ ન થતો જોઇ હું દંગ થઇ ગયો છું. આ ઉત્સાહથી આપણી ગુલામી જરૂર જશે. વીરચંદભાઇને સુતરની માળા પહેરી આઝાદ મેદાનમાં ભાષણ આપતી વખતે જોઇ અને ધાર્મીકપુસ્તકમાં ચોરના વેશમાં ચક્રવર્તીની હકીકત યાદ આવતી હતી અને અગ્રલીલ સંકેત અને પ્રજ્ઞાવિશાલાની હકીકત અને અત્યારની મનોદશા સંબંધી સરખામણી કરી હતી અને ધર્મના ઝઘડામાં ન ઉતરવા ભલામણ કરી હતી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, વાધા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.